# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૪૦ માર્ચ–૨૦૧૮ અંક ૬

(**સંસ્થાપક : પ.પૂ. યોગેશ્વરજી, તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ,

ભાવનગર–૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧

શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ,

ભાવનગર (ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–**આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).

**આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**



# વિશિષ્ટ સહયોગ

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ.

**–'મા' સર્વેશ્વરી**

# અધ્યાત્મનો વિશેષાંક

# 'ન હન્યતે'

'આત્મા ના જન્મે મરે હણે નહીં ન હણાય,
નિત્ય સનાતન છે કહ્યો, અનાદિ તેમ સદાય.'

(શ્રી યોગેશ્વરજીકૃત 'સરળ ગીતા')



# પૂજ્યશ્રી યોગેશ્વરજીનો લીલાસંવરણદિન

'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી. સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગી જઈને વધુ વ્યાપક અને સઘનરૂપે તેઓ પ્રગટ થયા છે. તેથી એક રીતે જોઈએ તો "૧૮ માર્ચ, ૧૯૮૪" એ તેઓશ્રીના "સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્યદિન" ગણી શકાય.'

—'મા' સર્વેશ્વરી

## પૂજ્યશ્રી યોગેશ્વરજીનું શાશ્વત શબ્દચિત્ર

સરોડાધામે બાલમુકુન્દમ્

દેવપ્રયાગે ઋષિવરમ્

પ્રકાશપંથે સમર્થનાથમ્

સત્યપંથે યોગશ્વરમ્

સ્વર્ગારોહણે ગુરુભગવન્તમ્

પૃથ્વીપટે પરમેશ્વરમ્

નિત્ય સ્મરામિ ગુરુગોવિંદમ્

દર્શન તવ ભવતારણમ્

—'મા' સર્વેશ્વરી



## અનુક્રમ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક : સંતના સંકેતની ચમત્કૃતિ | ૭ |
| ૨ | અધ્યાત્મ જગતની એક અતિ વિરલ વિભૂતિ | ૮ થી ૧૨ |
| ૩ | શ્રીયોગેશ્વર-કથામૃત | ૧૩ થી ૧૮ |
| ૪ | શ્રીયોગેશ્વરજીનું અંતિમ પ્રવચન | ૧૯ થી ૨૧ |
| ૫ | શ્રીયોગેશ્વરજીનું મહાપ્રયાણ | ૨૨ થી ૨૫ |
| ૬ | શ્રીરામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ | ૨૬ થી ૨૯ |
| ૭ | સ્વામી વિવેકાનંદની મહાસમાધિ | ૩૦ થી ૩૩ |
| ૮ | શ્રીમદ્ રાજચંદ્રનો દેહવિલય | ૩૪ થી ૩૫ |
| ૯ | શ્રીરમણમહર્ષિનું મહાનિર્વાણ | ૩૬ થી ૪૦ |
| ૧૦ | શ્રીઅરવિંદની શરીરમાંથી નિવૃત્તિ | ૪૧ થી ૪૪ |
| ૧૧ | શ્રીરંગ અવધૂતજીનો અંતિમ પ્રવાસ | ૪૫ થી ૪૬ |
| ૧૨ | શ્રીમોટાનો દેહત્યાગ | ૪૭ થી ૪૮ |
| ૧૩ | શ્રી શ્રી મા આનંદમયીની અવ્યક્ત તરફની ગતિ | ૪૯ થી ૫૨ |
| ૧૪ | શ્રીવિમલા ઠકારનું વિસર્જનપર્વ | ૫૩ થી ૫૫ |
| ૧૫ | શ્રીસાંઈબાબાએ સમાધિ પ્રાપ્ત કરી | ૫૬ થી ૫૮ |
| ૧૬ | ભગવાન ગૌતમ બુદ્ધનું મહાપરિનિર્વાણ | ૫૯ થી ૬૨ |


### ॥ ઋણસ્વીકાર ॥


શ્રી રામકૃષ્ણદેવ જીવનચરિત્ર : શ્રી રામકૃષ્ણઆશ્રમ

સ્વામી વિવેકાનંદ : શ્રી રામકૃષ્ણઆશ્રમ

શ્રી અરવિંદ : શ્રી જ્યોતિ થાનકી, સંકલન : ડૉ.દીપક પંડ્યા

હરિ ૐ મોટા; ઉપલબ્ધિ અને ઉપદેશ : શ્રી કાર્તિકેય ભટ્ટ

શ્રી શ્રી મા આનંદમયી; જીવન સુધામૃત : શ્રી ચૈતન્યબહેન દિવેટિયા

વિમલસત્ત્વ : શ્રી પ્રભા મરચન્ટ

સાંઈબાબા ઈશ્વરનાં પગલાં પૃથ્વી પર : ડૉ. કેશુભાઈ દેસાઈ

શ્રીમદ્ રાજચંદ્ર જીવન અને કવન : શ્રી રાકેશભાઈ ઝવેરી

મહર્ષિ શ્રી રંગ અવધૂત : શ્રી કુલીનચંદ્ર ઉપાધ્યાય

બુદ્ધ ઔર ઉનકા ધમ્મ : ડૉ. આંબેડકર, અનુ. ભરત આનંદ કૌસલ્યાયન

# પ્રાસ્તાવિક : સંતના સંકેતની ચમત્કૃતિ

સંતો પોતાના જીવનની પ્રત્યેક પળને પ્રભુનું વરદાન માનતા એ રીતે જીવે છે કે, જન્મ-મરણ એમને માટે પ્રારબ્ધપ્રાપ્ત સાધારણ ઘટનાઓ બની રહે છે, એમનો સહજ સ્વીકાર એમને શરીરની નશ્વરતા અને આત્માની અમરતાના સત્યથી સંપૂર્ણપણે સભાન રાખે છે. તેથી મૃત્યુ એમને એટલું જ મંગલમય લાગે છે જેટલું જીવન. સંતોની આ વિભાવના 'અધ્યાત્મ'ના આ 'ન હન્યતે' વિશેષાંકમાં પ્રગટી અને પ્રસરી એનું સઘળું શ્રેય પરમ સ્નેહમયી 'મા' સર્વેશ્વરીને સહજ જાય છે.

પૂ.'મા' એ 'સર્વમંગલ'ના ટ્રસ્ટીશ્રી રાજુભાઈને અધ્યાત્મના આ અંકમાં '૧૮ માર્ચ, પૂજ્યશ્રીના પ્રાગટ્યદિન'ના સવિશેષ ઉલ્લેખનો અનુરોધ શું કર્યો કે, અમસ્તું(!) કરાયેલું ટપકું જાણે મધ્યબિંદુ બની ગયું; અને એ કેન્દ્રમાંથી જ આ અંકનું નિર્માણ સંભવ્યું-વિસ્તર્યું.

સંતનો જરાક અમથો સંકેત કેવી ચમત્કૃતિ સર્જી શકે છે, કલાકાર હજી હાથે પીંછી ધરે ને પૂર્ણ ચિત્ર નિર્માઈ જાય ! એવી અદ્ભુતતા 'અધ્યાત્મ'ની આ અંકની સમગ્ર રચનાપ્રક્રિયામાં અનુભવાઈ.

તો એ પરમ રહસ્યમયી શ્રીશક્તિ પરમ કરુણામયી 'મા'નાં શ્રી ચરણકમળમાં 'તેરા તુજકો અર્પન'ના ભાવસહ કોટિ કોટિ પ્રણામ !



# અધ્યાત્મજગતની એક અતિ વિરલ વિભૂતિ

'ઊઠો ! જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો' વિવેકાનંદનો આ પ્રિય મંત્ર ચરિતાર્થ કરવા કૃતસંકલ્પ એવા હિમાલયના તપસ્વી, અનન્ય માતૃભક્ત, અપૂર્વ જાગૃતિ, સંપૂર્ણ નિભ્રાન્તિથી જીવનની પળેપળ જીવી, કેવળ ધ્યેય તરફ દૃષ્ટિ સ્થિર રાખનાર પરમ વંદનીય શ્રી યોગેશ્વર અધ્યાત્મજગતની એક અતિ વિરલ વિભૂતિ છે.

શ્રી યોગેશ્વરના સમગ્ર જીવનનો, જીવનસાધનાનો એક જ સૂર : 'જગદંબાની પ્રાપ્તિ'. માત્ર દર્શન નહીં, પણ પોતાના સમગ્ર અસ્તિત્વમાં એમનો આવિર્ભાવ અહર્નિશ રહે. પોતાની કાયા જગદંબાની જ છાયા રહે એવો સદાગ્રહ અને એને માટે જે કંઈ કરવું પડે એ કરવાની પૂરેપૂરી તૈયારી.

અલબત્ત, જે સંત શુદ્ધ, બુદ્ધ બને છે એને પણ દેહનું પ્રારબ્ધ લઈને જીવવું પડે છે એટલે એમનો વ્યવહાર સ્થળકાળસાપેક્ષ હોય છે. છતાં એની સમાંતરે જે 'સત્ય' જાણ્યું-પ્રીછ્યું હોય, એનાથી એમની ચેતના ભીંજાયેલી રહે છે ને એ જ સત્ય એમનાં મન-વચન-કર્મમાં, સમસ્ત જીવનમાં મુખરિત થાય છે. આમ સ્થળકાળનિરપેક્ષ વિભાગ પણ એમના જીવનમાં સદૈવ હોય છે. શ્રી યોગેશ્વરે પણ તપ દ્વારા શરીરશુદ્ધિ, સ્વાધ્યાય દ્વારા વાક્શુદ્ધિ તેમજ ભક્તિ, જ્ઞાન, ધ્યાન, પ્રાર્થના, કઠિન વ્રત-તપ-જપ દ્વારા ચિત્તશુદ્ધિ સાધી જેનો સીધો આવિષ્કાર એમના જીવનસમગ્રમાં થવા પામ્યો હતો.

ઈ.સ. ૧૯૨૧માં ગુજરાતના એક નાનકડા ગામ સરોડામાં જન્મેલા શ્રી યોગેશ્વર કહે છે : 'અમે તો પૂર્વે પણ સંત હતા

બંગાળમાં-મહારાષ્ટ્રમાં-પંજાબમાં. તેનું અનુસંધાન ચાલુ જ હતું. પરિણામે નવમે વરસે રુદ્રી મોઢે હતી. ચૌદમે વરસે યોગની બુદ્ધિ પ્રગટી. ભણવા મુંબઈ ગયા તો ભણીએ ને ગીતાપાઠ કરીએ, મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચીએ. રાત્રે બારથી ત્રણ ધ્યાનમાં બેસીએ. અઠવાડિયે બે વાર મૌન રાખીએ. ઠંડા પાણીથી નાહીએ, શેતરંજી પર સૂઈએ. યોગી થવાનું ને નહીં પરણવાનું નક્કી કર્યું.'

ઈ.સ. ૧૯૪૧માં હૃષીકેશ જઈ, વીસેક વર્ષ હિમાલયની હાડ થિજાવી નાંખતી ઠંડીમાં શ્રી યોગેશ્વરે આકરી તપશ્ચર્યા કરી. જુદા જુદા સિદ્ધપુરુષોને મળ્યા. અલૌકિક અનુભવો કર્યા. સાધનાનો જટિલ પથ ઈશ્વર પર અનન્ય શ્રદ્ધા રાખી, 'મા' જગદંબાનો આશ્રય લઈને એકલે હાથે જ ખેડ્યો. સતત સાવધ, જાગ્રત અને કડક આત્મનિરીક્ષક રહીને અપૂર્વ લગન, અપાર ધીરજ, અપ્રતિમ હિંમત, અનન્ય ત્યાગ તેમજ સમર્પણભાવથી અનેક વ્રતો-ઉપવાસો-પ્રાર્થનાઓ-ધ્યાન-સમાધિ વગેરેના પ્રયોગોથી છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચી, જગદંબાનો સાક્ષાત્કાર પામ્યા.

વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં સંતોએ ઈશ્વરદર્શન કર્યાનાં ઉદાહરણો છે પણ ઈશ્વર સાથે સતત અનુસંધાન અને તે પણ 'મા' જગદંબાની સ્થૂળ શરીરરૂપે અવતરેલી શક્તિસ્વરૂપા 'મા' સર્વેશ્વરીની અહર્નિશ સંનિધિની અતિ અદ્‌ભુત અનુભૂતિ શ્રી યોગેશ્વરને થઈ શકી.

પોતે પૂર્વજન્મમાં શ્રી રામકૃષ્ણદેવ હતા એ જ્ઞાન એમને વરસો સુધી જુદી જુદી રીતે થતું ગયું પણ આ હકીકત પ્રગટ કર્યા પછી સ્પષ્ટ કહ્યું, 'મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું....' બહારના રૂપરંગ ફરે પણ અંદરનું સત્ત્વ તો ટકે.



શ્રી રામકૃષ્ણદેવની નવી આવૃત્તિ બહાર પડે તો એ હિમાલય કે પરદેશ ન જાય તેવું થોડું છે?...પ્રભુમાંથી અવતરણ પામેલા આપણે બધા પ્રભુના અવતારો જ છીએ ને?

શ્રી યોગેશ્વરે પોતાની આત્મસાક્ષાત્કારી સ્થિતિના સંદર્ભમાં જ કહ્યું; 'ક્યાંય નહીં છતાં બધે નિવાસી એમ લખો તો ચાલે.'

તો જેમની ચેતના આવી વિશાળી, સર્વવ્યાપી બની ગઈ તે આત્મકલ્યાણ સાધી, આત્મરત બની અટકી નથી ગયા. નજર સમક્ષ હંમેશ વિશ્વકલ્યાણનો આદર્શ રાખી દેશવિદેશમાં ઘૂમી સાચો જીવનસંદેશ તેમણે આપ્યો. અસંખ્ય પુસ્તકો-પ્રવચનો-શિબિરો દ્વારા અધ્યાત્મજાગૃતિનું એક અભિનવ વાયુમંડળ રચ્યું. વિવિધ ધ્યાનકેન્દ્રો 'અધ્યાત્મ' સામયિક, સર્વમંગલ ટ્રસ્ટ વગેરેની સ્થાપના કરવામાં ઊંડો રસ લીધો. અંબાજીમાં 'મા' જ્યોર્તિમયી વિશ્રામગૃહની સાથે સાધકો માટેની કુટિરોની આયોજનાનો પ્રસ્તાવ મૂક્યો.

પણ કોઈ સંસ્થા સ્થાપવા, કોઈ સંપ્રદાય ઊભો કરવા શિષ્યો-અનુયાયીઓનું મંડળ રચવા કદી પ્રયત્ન ન કર્યો.

શ્રી યોગેશ્વરના જીવનનું એકમાત્ર કાર્ય સૂતેલા આત્માઓને જગાડવાનું રહ્યું. પ્રખર પુરુષાર્થબળે પ્રાપ્ત આંતરઐશ્વર્ય જગત સમક્ષ વિચાર-વાણી-વર્તન-લેખન. સમસ્ત જીવન દ્વારા પ્રગટ કરવા આજીવન મથ્યા.

શ્રી યોગેશ્વરનું તત્ત્વજ્ઞાન તેમજ અધ્યાત્મવિભાવના સંપૂર્ણ સત્યપરક અને વૈજ્ઞાનિક હતા. તેઓશ્રી સૌમ્ય સુધારક હતા. આવેશ, જુસ્સો, ઝનૂન કંઈ કરતાં કંઈ જ નહીં. એમનો વ્યવહાર પ્રત્યેક પળ કોમળ, પ્રેમભર્યો અને સંવેદનશીલ રહેતો.

સ્વામી બ્રહ્માનંદજી સાચું જ કહે છે; 'મેં મારા જીવન દરમિયાન કેટલાય સંતો, તપસ્વીઓને જોયા છે પરંતુ યોગેશ્વરજી જેવા સાચા સંત, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને જોયા નથી.'

શ્રી યોગેશ્વરના જીવનમાં સાદાઈ, અપરિગ્રહ, ચોક્કસાઈ, સુઘડતા, સ્વચ્છતા તેમજ પવિત્ર વ્યવહારના ગુણો સહજ હતા રોજના ૨૪ કલાકમાંથી ચાર-પાંચ કલાક બાદ કરતાં તેમનો બધો સમય ઈશ્વરસાધના, મંત્રજપ, ધ્યાન, પ્રાર્થના, સત્સંગ, લેખન, વ્યાયામમાં જતો. પૂ.'મા' સર્વેશ્વરી લખે છે તેમ; 'પૂજ્યશ્રી સૂર્ય જેટલા જ નિયમિત. વાસના ઊઠે ને સમાવે તે સંત પણ વિકાર ઊઠે જ નહીં તે ભગવંત. પૂજ્યશ્રી આવા પવિત્ર ભગવંત હતા.'

શ્રી યોગેશ્વર 'મા' સર્વેશ્વરી સાથેના પોતાના 'આધ્યાત્મિક સાયુજ્યને પારદર્શકરૂપે જગત સમક્ષ મૂકે છે : જ્યારે હિમાલયમાં ૧૧-૧૨ વર્ષ ઉપવાસો, વ્રતો કર્યા ત્યારે એક ભાવના હતી કે, જેમ એકનાથને ત્યાં શિખંડિયાના રૂપે પ્રભુ સાથે રહ્યા. તેમ મારી સાથે પણ દિવ્યરૂપની સાથે રહેવા આવે. તો એ બધી પ્રાર્થના-વ્રતો-ઉપવાસોનો 'મા' સર્વેશ્વરી જવાબ છે.'

શ્રી યોગેશ્વર અતીવ ખુમારીથી કહે છે : 'હું કોઈ સંસારી માનવોથી બંધાયેલો નથી. કોઈ સંસ્થા કે વ્યક્તિને વેચાયેલો નથી. એક ઈશ્વરથી જ બંધાયેલો છું.'

અત્યંત વિનમ્રતાથી એમ પણ કહે છે : 'આ શરીર એક ભવન છે. એમાંથી પ્રભુ જ્યારે કહે ત્યારે જવા માટે તૈયાર છું.'

જેમનું જીવન આવું અનુપમ હતું તેમનું મૃત્યુ પણ સાધારણ ન હતું. અમદાવાદના નારણપુરાના 'સત્યપથ'માંથી એમની સ્મશાનયાત્રા નીકળી ત્યારે 'સત્યપથ'ના ઓટલાથી ફ્લેટના ઝાંપા સુધી ચંદનવર્ષા થયેલી !



શ્રી યોગેશ્વરને એક જ ધૂન હતી 'આ શરીરથી ઈશ્વરનાં જે કાંઈ સારાં કામ થઈ શકે તે જીવીએ ત્યાં સુધી, છેલ્લો શ્વાસ લઈએ ત્યાં સુધી કરીએ.'

અને શ્રી યોગેશ્વર ખરેખર એમના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરનું કામ-પ્રવચન કરતા શાંત થઈ ગયા. પણ સમસ્ત જગત માટે 'પ્રકાશનો પંથ-પ્રભુપ્રાપ્તિનો રાહ' સ્વાનુભૂતિથી તેમજ સહાનુભૂતિથી નિર્દેશતા ગયા.

ને તેમની જન્મભૂમિ સરોડાનું સદ્‌ભાગ્ય 'સમગ્ર અધ્યાત્મવિશ્વ'નું સદ્‌ભાગ્ય બની ગયું.

આમ શ્રી યોગેશ્વર અનન્ય, અનુપમ, અદ્વિતીય સંત તો હતા જ પણ એમની પુણ્ય સંનિધિમાં સંતત્વ પામનાર 'મા' સર્વેશ્વરી પણ એ પારસસ્પર્શે પારસ બની જઈ, આજે લોકકલ્યાણયજ્ઞમાં સતત સમિધસ્વરૂપે રહી, અનેક જીવોના લોઢાને સુવર્ણમાં પલટી રહ્યાં છે ને પ્રતીત કરી રહ્યાં છે :

'મહાપુરુષોને મૃત્યુ હોતું નથી.'

એક પરમ સંતની પ્રતિકૃતિ 'મા' સર્વેશ્વરીરૂપે આપણને પ્રાપ્ત થઈ છે એ જગતને શ્રી યોગેશ્વરની 'અણમોલ દેન' છે.

સંતો ભાવિક ભક્તો, શિષ્યો, અનુયાયીઓની મંડળી તૈયાર કરે પણ પોતાની સમકક્ષ-સમાન-બરોબરીના સંતને પ્રત્યક્ષ કરી. સ્વયં પરોક્ષ થઈ જનાર શ્રી યોગેશ્વર જેવા કેટલા ?

સાચે જ આપણે પરમ વંદનીય શ્રી યોગેશ્વરના બેવડા ઋણી છીએ. આખું અધ્યાત્મવિશ્વ એમનું કૃતજ્ઞ છે. રહેશે.

વિરલ પરમ અધ્યાત્મવિભૂતિ શ્રીયોગેશ્વરને પુનઃ પુનઃ કોટિ કોટિ પ્રણામ !

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૦
### તા. ૫-૧-૮૩, બુધવાર, માગશર વદ સાતમ ૨૦૩૯
### લેનેશિયા- જોહાનિસબર્ગ

સવારે સાડા ત્રણે પૂ.શ્રી સ્નાન કરીને વ્યાયામ કર્યા બાદ સાડા ચાર વાગ્યે મને ઉઠાડે છે. સ્નાન બાદ અમે ધ્યાન બેઠાં. મંત્રજપ કર્યા. ત્યારબાદ લેખન શરૂ થઈ ગયું. વચ્ચે ઠંડું દૂધ આઠ વાગ્યે પીધું. લેખનનો એ ક્રમ લગભગ સાડા દશે પૂર્ણ થયો. ત્યાર પછી પૂ.શ્રી જપ કરતાં કરતાં આરામ કરે છે.

પોણા અગીયારે પૂ.શ્રી સાથે રસોડામાં જવાનું બને છે. ભોજનની બે વાનગી બનાવી લઈએ છીએ. ભોજન લઈએ છીએ.

મુલાકાત પહેલાં યજમાન પરિવારના સભ્યો સાથે, મંત્ર અંગેની મૂંઝવણની ચર્ચા પૂ.શ્રીએ કરી. મુલાકાતીઓને થોડી રાહ જોવી પડી.

આજે પંદર-સોળ ભાઈબહેનો પૂ.શ્રીની મુલાકાત માટે આવીને બેઠાં છે. અમે જ્યારે બેઠકના ઓરડામાં ગયાં ત્યારે દશેક ભાઈબહેનો નીચે જમીન ઉપર કારપેટ ઉપર બેઠેલાં ને પાંચ-છ ભાઈઓ સોફા ઉપર બેઠેલાં હતાં. સૌએ વ્યક્તિગત રીતે પાસે આવીને અમને પ્રણામ કર્યા.

આજે પ્રશ્નોની શરૂઆત એક ગુજરાતી ભાઈએ જ કરી.

પ્રશ્ન : હવેનો  પુનર્જન્મ શું માણસનો થાય?



પૂ.શ્રી : તમારે જે થવું હોય તે તમારા જ હાથમાં છે. જેવા સંકલ્પ કરશો તેવાં વર્તમાન ને ભવિષ્ય નક્કી થશે.

પ્રશ્ન : આ માનવજન્મ પણ પૂર્વકર્મના ફળરૂપે છે?

પૂ.શ્રી : એ તો ખરું જ. પણ આ જન્મમાં નવા સંકલ્પ, નવાં કર્મબુદ્ધિ વગેરે પણ ઉમેરાય. કેટલીક બાબતો આપોઆપ - આપણને ગમે કે ન ગમે છતાં - મળી છે, જેમ કે માબાપ, ઘર, ગામ, સુખ ને દુઃખ પણ. આ જન્મે આપણને સત્સંગની ઈચ્છા થાય, તપની, દાનની, ધ્યાનની સદ્‌બુદ્ધિ જાગે તો તે બધાં આ જન્મનાં નવાં કર્મો છે. એ નવા કર્મોને આધારે આપણને આગળનો જન્મ મળે છે.

આટલી વાતો પૂ.શ્રી ગુજરાતીમાં કરે છે. પણ આજે મુલાકાતીઓમાં અંગ્રેજી જાણનાર વર્ગ પણ છે. તેઓ ગુજરાતી ન સમજી શકે તેથી પૂ.શ્રીએ તેમને અંગ્રેજીમાં વાત કરતાં પૂછ્યુંઃ તમને આ સમજાયું?

- ના.

તો પછી તમારા પૈકી એક ભાઈ આમને ટૂંકમાં અંગ્રેજીમાં સમજાવો. પૂ.શ્રીની આ સૂચનાથી એક ભાઈએ ઉપરના બે પ્રશ્નોના પૂ.શ્રીના ઉત્તરો અંગ્રેજીમાં કહી સંભળાવ્યા.

હવેનો ત્રીજો પ્રશ્ન તો અંગ્રેજીમાં જ પૂછાયો.

પ્રશ્ન : બૌદ્ધિક જ્ઞાન ને આત્મજ્ઞાનમાં શો ફેર?

પૂ.શ્રી : ભારતમાં પાકશાસ્ત્ર નામનું પુસ્તક મળે છે, જેમાં વિવિધ વાનગીઓ કેમ બનાવવી તેની માહિતી હોય છે. તે વાંચીને કેટલાંકના મોંમાં પાણી છૂટે, પણ તેટલાથી પેટ ન ભરાય. એ માટે તો તે વાનગી રસોડામાં જઈને તૈયાર કરવી પડે, ખાવી પડે, તો જ પેટ ભરાય. ફક્ત વિચારવાથી કે

વાંચવાથી તૃપ્ત ના થવાય.

ભારત વિશે ઈતિહાસમાં વાંચ્યું હોય, નક્શામાં જોયું પણ હોય, ત્યાં રહેતા સંતો વિશે જાણ્યું-વાંચ્યું હોય તો તે બધી બૌદ્ધિક માહિતી છે. પણ આપણે જાતે ભારત જઈએ ને દેશ જોઈએ, સંતોના દર્શન કરીએ ત્યારે જ તેનો સાચો ખ્યાલ આવે, અનુભવ થાય.

ઋષિઓએ પોતાનું જ્ઞાન પુસ્તકોમાં લખ્યું છે. પણ તે જ્ઞાનને અનુભવવા આપણે તપ, ધ્યાન આદિ કરવું પડે. આપણે પુસ્તકો વાંચીએ તેથી માહિતી-જ્ઞાન મળે, પણ તેને અનુભવીએ તો જ તે અનુભવનું જ્ઞાન મળે.

વિવેકાનંદને પહેલાં માહિતી હતી પણ અનુભવનું જ્ઞાન ન હતું. તેથી તેઓ અનુભવપૂર્ણ જ્ઞાનીની શોધમાં હતાં. શ્રી રામકૃષ્ણદેવ એક એવા અનુભવી જ્ઞાની મળ્યા. તેમણે કહ્યું કે, મેં ઈશ્વરને જોયો છે એટલું જ નહીં પણ ઈશ્વરનાં દર્શન માટે તને પણ મદદ કરી શકું તેમ છું. કારણ, શ્રી રામકૃષ્ણદેવ પૂર્ણ અનુભવી જ્ઞાની હતા.

પૂ.શ્રીને અંગ્રેજીમાં જ પ્રશ્નો પુછાયા. પરિણામે અંગ્રેજીમાં જ ઉત્તરો આપવાનું પૂ.શ્રીએ શરૂ કર્યું.

પ્રશ્ન : ભગવાનને પ્રસાદ કેમ ધરાવીએ છીએ?

પૂ.શ્રી : ભગવાનનો તો ‘પ્રસાદ ધરાવજો’ એવો પત્ર આવ્યો નથી! એ તો ભક્તોએ ચાલુ કર્યું છે. ભગવાન તો એવું કશું જ ઈચ્છતા નથી. પણ એ બહાને માનવ સમર્પણ કરતાં શીખે છે.

પ્રભુને દરેક વસ્તુ ધરો, ને પછી તેના માલિક નહીં પણ



સંરક્ષક બનીને તે વાપરો. સારા કામમાં જ વાપરો. પૂ.શ્રીએ વિસ્તારથી મીરાંબાઈની વાત કરીને આ વિશેની સમજ આપી.

પ્રશ્ન : ગુરૂ જીવંત ન હોય તો નવા ગુરુ કરવા?

પૂ.શ્રી : હું તમને પૂછું છું, તમારે માતાપિતા હતાં? પિતા મૃત્યુ પામે પછી તમને કોઈ પૂછે, તમારા પિતા કોણ? તો તમે કોઈ નવા પિતાનું નામ આપો કે પછી તમારા જે પિતા હતા તેમનું જ નામ આપો?

જુઓ, ગુરુ હંમેશા જીવંત જ છે. તેઓ કદી મરતા નથી. બધા જ ગુરુઓ શરીરથી આ પૃથ્વી પરથી આગળ કે પાછળ જવાના જ છે. મૂળ વાત એ છે કે આપણી શ્રદ્ધા ન જવી જોઈએ.

પ્રશ્ન : સ્ત્રી ગુરુ કરી શકે? કે પછી પતિને જ ગુરુ માનવા?

પૂ.શ્રી : આત્મિક કલ્યાણ માટે તો પતિએ પણ ગુરુ કરવા જ પડે છે. એ રીતે સ્ત્રીએ પણ ગુરુ તો કરવા જ પડે.

પ્રશ્ન : ગુરુ વિના મોક્ષ ના થાય?

પૂ.શ્રી : એવું કશું નથી. જુઓ કોઈ માનવગુરુ ના મળે તો પ્રભુ જ આપણા ગુરુ છે એમ માનવું.

પ્રશ્ન : ગુરુ એક હોય કે અનેક હોય?

પૂ.શ્રી : જ્યાં જ્યાંથી સારું શીખવાનું મળે તે તે આપણા શિક્ષા-ગુરુ. પણ દીક્ષાગુરુ, મંત્ર આપનાર ગુરુ એક જ હોવા જોઈએ. બધા જ ગુરુ એક જ ગુરુનું સ્વરૂપ છે એમ માનીને એકમાં જ શ્રદ્ધા દૃઢ કરવી.

લગભગ એક કલાક સુધી પૂ.શ્રીએ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ અંગ્રેજીમાં જ ચલાવ્યો.

બે વાગી ગયા. સૌએ પ્રણામ કરીને વિદાય લીધી.

આજે લગભગ અઢી વાગ્યે અહીંથી ચાર-પાંચ કિલોમીટર દૂર લોલી નામના વિસ્તારમાં ગાડીમાં જવાનું બન્યું.

૧૯૧૨માં ગાંધીજી આ વિસ્તારમાં આવીને ટોલસ્ટોય ફાર્મમાં રહ્યા હતા. એ સ્થાન જોવાનું હતું.

તે સ્થાન કાચા રસ્તે જંગલમાં આવેલું હતું. ગાંધીજી નામને છાજે એવી કોઈ પ્રવૃત્તિ ત્યાં થતી નથી. એક જ જૂનું મકાન અને તે પણ જર્જરિત થયેલું છે. સંપૂર્ણ રીતે ઉપેક્ષા પામેલું એ સ્થાન હતું. એ સ્થાન ટ્રસ્ટીઓના હાથમાં છે. એવું સ્થાન જોતાં દુઃખ થાય, છતાં ઐતિહાસિક સ્થાન તરીકે તે જોવાનું હતું. સત્યાગ્રહની લડતનાં બીજ અહી મંડાયા હતાં. અહીથી દરરોજ લગભગ ૩૦ કિલોમીટર ચાલીને ગાંધીજી જોહાનિસબર્ગ શહેરમાં જતા.

આ ઉપેક્ષિત સ્થાનમાં સ્મૃતિરૂપે ફોટાઓ લીધા.

ત્યાંથી ફરીથી ઉતારા ઉપર આવી ગયાં. પછી થોડો આરામ કર્યો.

સાંજે ધ્યાનની બેઠક હતી. આજે પણ ધ્યાનની આ બેઠકમાં સંખ્યા સારી હતી. પૂ.શ્રીએ આજે લોમ-અનુલોમ પ્રાણાયામ, સિંહમુદ્રા વિગેરે બતાવ્યાં. સાડા સાત વાગ્યે ધ્યાનની બેઠક પૂરી થઈ. પછી, અહીંની જનતાને પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ મળે તે હેતુથી ત્રણ અંગ્રેજી પ્રવચનો ગોઠવવાની ચર્ચા થઈ.

સમયસર સાંજના પ્રવચન-સ્થળે પહોંચી ગયાં. આજે પણ અહીં ફૂલહારથી સ્વાગત થયું. શરૂઆતમાં એક ભજન ગવાયું. આજના પ્રવચનમાં પણ શ્રોતાઓની હાજરી ઘણી સારી હતી.



પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ પીને આરામ કર્યો.

જોહાનિસબર્ગની જનતા ભાવિક છે. જનતાના વિશાળ વર્ગ પાસે પૂ.શ્રી પુસ્તકો દ્વારા તો પહોંચી જ ગયેલા છે. અહીં ઘણા પંથો છે અને તેમના મંડળો છે. દરેક પોતાની રીતે કાર્ય કરે છે.

દશ વર્ષ ઉપર ઈન્ડિયનો જોહાનિસબર્ગ શહેરમાં જ રહેતા હતા અને વેપાર પણ ત્યાં જ કરતા હતા. પણ સરકારે તેમની દુકાનો ને ઘરો ખાલી કરાવ્યાં અને શહેરમાં જ એક બીજી જગ્યાએ નવું વેપારીમથક બંધાવીને બધાની દુકાનો ત્યાં ખસેડાવી તથા જોહાનિસબર્ગથી ૨૫ કિલોમીટર દૂર લેનેશિયા નામના વિસ્તારમાં ઈન્ડિયનો પોતાનાં ઘરો બાંધીને રહી શકે એવી યોજના બનાવી. પરિણામે, ઈન્ડિયનોએ આ વિસ્તારમાં જમીન ખરીદીને પોતાની માલિકીના સુંદર મોટા બંગલાઓ બાંધ્યા છે. ભારતમાં મોટા મોટા મિલમાલિકોના બંગલા હોય છે તેવો આ વિસ્તાર છે. અહીં બધી જ સગવડો સુલભ છે.

જે સંત છે તેમને માટે શાશ્વત સર્વવ્યાપી 'જન્મમરણરહિત ચૈતન્ય'ની ઓળખાણ થવી સંભવિત છે. એટલે શસ્ત્રથી કેવળ દેહનો નાશ છે, ચૈતન્યનો વિનાશ થતો નથી. નાશ પામવાનો શરીરનો સ્વભાવ છે. આકાશમાં જેમ મેઘ આવે ને જાય તેમ ચૈતન્યને સ્થાને અનેક દેહો આવે છે ને જાય છે. આત્મા અમર છે. એટલે અર્જુનને શોક કરતાં પ્રભુ વારે છે.

**—'જ્ઞાનેશ્વરી'ની અમૃતધારા**

# શ્રીયોગેશ્વરજીનું અંતિમ પ્રવચન

['આ શરીર એક ભવન છે. એમાંથી પ્રભુ જ્યારે કહે ત્યારે જવા માટે તૈયાર છું.

હું સ્થાનક ઊભું કરવામાં માનતો નથી. આપણી હયાતી બાદ એ સચવાયું કે નહીં એ કોણ જાણે છે ? આપણું શરીર પૂર્ણ શુદ્ધ હોય, એમાં ઈશ્વરની પ્રતિષ્ઠા થયેલી હોવા છતાં આપણે એને કેટલું બગાડી મૂકીએ છીએ. તો પછી ઈંટમંટોડાનું સ્થાન બગાડી મૂકતાં વાર લાગે ?

આ શરીરથી ઈશ્વરનાં જે કોઈ સારાં કામ થઈ શકે તે જીવીએ ત્યાં સુધી, છેલ્લો શ્વાસ લઈએ ત્યાં સુધી કરીએ એના જેવું રૂડું બીજું શું હોઈ શકે ?'

અને શ્રીયોગેશ્વરજી ખરેખર એમના છેલ્લા શ્વાસ સુધી 'ઈશ્વરનું કામ-પ્રવચન' કરતાં શાંત થઈ ગયા.]

**॥ પ્રવચનના કેટલાક અંશો ॥**

પ્રવાસી પોતાના ઘરમાંથી પ્રવાસ કરવાને માટે નીકળે, જુદી જુદી જાતના પ્રવાસનાં સ્થળોનાં દર્શન કરે, એના પ્રવાસની પૂર્ણાહુતિ ત્યારે જ થાય જ્યારે પોતાના મૂળ ઘરમાં આવે. જ્યાં સુધી પોતાના મૂળ ઘરમાં પ્રવેશ ના કરે ત્યાં સુધી પ્રવાસની પરિસમાપ્તિ થાય નહીં.

પરમાત્મા જે સૌના આધાર છે, સૌના મૂળ છે અને તેમાંથી નીકળેલા અનંત જીવો છેવટે જ્યાં સુધી તે પરમાત્મા તરફ અભિમુખ બને નહીં, તે પરમાત્મામાં સમાશે નહીં, તે પરમાત્માને પામશે નહીં, ત્યાં સુધી આ જન્મમરણની શૃંખલા



ચાલુ જ રહ્યા કરવાની. કોઈ પણ જીવ જન્મ ને મરણનું જે ચક્ર ચાલે છે, તેમાંથી છૂટી શકે નહીં કે શાંતિ પામી શકે નહીં, કે સંપૂર્ણ સંતોષનો અનુભવ પણ કરી શકે નહીં. પ્રત્યેક જીવે છેવટે ત્યાં પહોંચવાનું છે. પોતાના ગંતવ્ય સ્થાનમાં પોતાના ઉદ્ભવ સ્થાનમાં, જ્યાંથી જીવ નીકળીને જીવન પ્રાપ્ત કરે છે ત્યાં જવાનું છે. કોઈ જાણીને જાય છે, કોઈ અજાણ્યે જાય છે, કોઈ જલ્દી જાય છે, કોઈ જન્મો બગાડીને જાય છે, કોઈ રસપૂર્વક જાય છે, કોઈને બળજબરી જવું પડે છે. પણ છેવટે જવાનું તો ત્યાં જ છે. આપણાં બધાં જ શાસ્ત્રો આ વાતને એકીસ્વરે કહે છે. (કથાઓ આપણે સાંભળીએ છીએ, ભાગવતની કથાઓ સાંભળીએ છીએ, સપ્તાહો સાંભળીએ પરંતુ સપ્તાહોને, કથાઓને સાંભળીને અને કેવળ શબ્દનો જ વિચાર કરીએ, શબ્દનો જ અર્થ સમજી લઈએ, તો પણ આપણે માટે ઘણું થઈ જાય.)

શાસ્ત્રો આપણને શું કહેવા માગે છે ? સંસ્કૃતમાં 'ભગવદ્' શબ્દ છે. 'ભગવદ્'. એટલે શું ? ભગવાન. અને એના ઉપરથી 'ભાગવત' શબ્દ થાય. ભગવાનના તે ભાગવત કહેવાય. આ આખોયે ભાગવત ગ્રંથ જો આપણે બંધ કરી દઈએ અને એના ઉપરનું જે નામ છે-'શ્રીમદ્ ભાગવત' તેનો જ વિચાર કરીએ, તો પણ આપણને સમજાઈ જાય કે ભાગવતના બધા જ સ્કન્ધો છેવટે એ જ કહેવા માગે છે કે 'હે જીવ, તું ભાગવત-ભગવાનનો થા. તું ભગવાનનો થયો નથી, એટલે આ બધી ઉપાધિ છે. તું માયાનો થઈ ગયો, માયામાં આસક્ત બની ગયો. માયાની મમતા કરીને બેસી ગયો, જે શરીર તારું નથી તેને તારું સમજી બેઠો. અને જે પોતાનો 'સ્વ' છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ

પરમાત્મા જેનો તું અંશ છે, જે તારા મૂલાધાર છે તેનું તું વિસ્મરણ કરીને સંસારની અંદર ફરે છે. જો તારે શાંતિની સંપ્રાપ્તિ કરવી હોય, જીવનને કૃતાર્થ કરવું હોય, તો હવે તું ફરીથી જ્યાંથી ભૂલ્યો છે ત્યાંથી ફરી ગણ અને ભાગવત-ભગવાનનો થઈ જા.'

'ભાગવત એમ દર્શાવે છે કે જીવ પરમાત્માનો જ્યાં સુધી નથી બનતો, પરમાત્માનો પરમ કૃપાપાત્ર થતો નથી, ત્યાં સુધી સુખ અને શાંતિની સંપ્રાપ્તિ કરીને પોતાના જીવનનું કલ્યાણ કરી શકતો નથી. ભાગવતનો આ સાર-રામચરિતમાનસનો સાર.'★

★ આ છેલ્લું વાક્ય ઉચ્ચારતાં શ્રી યોગેશ્વરજીની વાણી અચાનક સ્થગિત થઈ ગઈ, ને તેમનું શરીર શાંત થઈ ગયું પણ પોતે ઉચ્ચારેલા શબ્દોનું જીવંત પ્રમાણ બની; મૌનની શાશ્વતી પ્રસારી, સ્વયં ભગવદ્સ્વરૂપ બની રહ્યા.

આમ શ્રી યોગેશ્વરજીનું અંતિમ પ્રવચન ત્યાં ઉપસ્થિત શ્રોતાઓ માટે જ નહીં, સમગ્ર અધ્યાત્મપ્રિય આત્માઓના ચૈતન્યઉઘાડનું જાણે પ્રવેશદ્વાર બની ગયું.

'મર્ત્ય માનવી માટે એની મૃત્યુતિથિ શોકનો દિવસ હશે પરંતુ સંતો માટે તો એ ઓચ્છવ બની રહે છે. પડદા પાછળ એ ઈશ્વરસ્વરૂપે કે એના અંશરૂપે વધુ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થતા હોય છે. એ સ્વરૂપે તેઓ એમના પ્રિય ભક્તોનું રખોપું કરતા રહે છે, એમને રસ્તો સુઝાડતા રહે છે, મુશ્કેલીઓમાંથી ઉગારતા રહે છે અને એમની પ્રાર્થનાઓના જવાબ આપતા રહે છે.'

**—નરસિંહ સ્વામી**



# શ્રી યોગેશ્વરજીનું મહાપ્રયાણ

શ્રી યોગેશ્વરજી 'મા' સર્વેશ્વરી સાથે તા.૭ માર્ચ, ૧૯૮૪માં મુંબઈ માધવબાગના મેદાનમાં રામાયણ ઉપર પ્રવચન આપવા પધાર્યા. એક સપ્તાહ રોજ સાંજે ૬.૩૦ થી ૮ પ્રવચન ચાલ્યાં.

તા.૧૮ માર્ચથી ૨૫ માર્ચ મુંબઈના કાંદિવલીના લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં શ્રીમદ્ ભાગવત ઉપર તેમનાં પ્રવચનોનું આયોજન કરાયું હતું.

બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી બાબુભાઈ કાંદિવલીથી ગાડી લઈને શ્રી યોગેશ્વરજી અને 'મા' સર્વેશ્વરીને લેવા આવે છે. ત્યારે બે દાદર ઊતરી નીચે શ્રી યોગેશ્વરજી કુમુદબહેનને કહે છે : 'આપણે હવે મળીએ કે ન મળીએ પણ આ નિયમ તો ચાલુ જ રાખજો.'

માર્ગમાં શ્રી યોગેશ્વરજીનું જૂનું સાધનાસ્થળ હેંગિંગ ગાર્ડન વટાવી ગાડી મહાલક્ષ્મી મંદિર આગળ ઊભી રખાય છે, સૌ દર્શન કરવા જાય છે. શ્રી યોગેશ્વરજી ઓટલા ઉપર ઊભા રહે છે. દર્શન કરીને પાછાં આવતાં 'મા' સર્વેશ્વરીને કહે છે : 'જોયું ? દરિયાકિનારો સરસ દેખાય છે ને ?' પછી રસ્તામાં શિબિરની જગ્યા શ્રી બાબુભાઈ બતાવે છે એટલે સમય કરતાં કાંદિવલી મોડાં અવાય છે.

કાંદિવલી બાબુભાઈના ઘરમાં શ્રી યોગેશ્વરજીનું ચંદનતિલક ને પૂજન કરી 'મા' સર્વેશ્વરી સાથે ફૂલહારથી સ્વાગત થાય છે. બાબુભાઈની ઈચ્છા શ્રી યોગેશ્વરજીનાં ચરણપ્રક્ષાલનની હતી. પણ શ્રી યોગેશ્વરજીએ જળપાત્ર હાથમાં લઈ, મંત્રોચ્ચાર કરી તે જલ તેમને આપ્યું. ત્યાર બાદ શ્રી યોગેશ્વરજીની આરતી થઈ. શ્રી યોગેશ્વરજી 'મા' સર્વેશ્વરીને ઉતારો જોઈ આવવા કહે છે.

'મા' સર્વેશ્વરી ગાદીને લાંબી કરી, એના ઉપર લીલા રંગની જાડી ચાદર પાથરી દે છે.

'મા' સર્વેશ્વરી શ્રી યોગેશ્વરજીને આરામ કરવા સૂચવે છે ત્યારે શ્રી યોગેશ્વરજી આરામ તો નથી કરવો પણ સાંજની પ્રાર્થના બાકી છે તે કરી લઉં. એમ કહી પલંગની મધ્યમાં નીચે એક શેતરંજી પર પલાંઠી વાળી પોણો કલાક આંખો મીંચી પ્રાર્થના કરે છે ને પછી 'મા' સર્વેશ્વરીને નાસ્તો લાવવા કહે છે.

'મા' સર્વેશ્વરી બટાકાપૌંઆ અને શીરો લાવે છે. હંમેશની જેમ બે આસનો અને એક પાટલો મૂકે છે અને શ્રી યોગેશ્વરજી પણ નિત્યનિયમ મુજબ પોતાને તેમજ 'મા' સર્વેશ્વરીને પીરસે છે. શીરો વધારે ખાઈ 'મા' સર્વેશ્વરીને તેઓશ્રી કહે છે : 'શીરો સારો બનાવ્યો છે લો અને તમને જે વિશેષ ભાવે તે પણ લો.' જમ્યા બાદ ઓરડાનો બધો સમાન ગોઠવવામાં 'મા' સર્વેશ્વરીને મદદ કરે છે. પછી પ્રવચનમાં જવાની તૈયારી કરાય છે. એ વખતે 'મા' સર્વેશ્વરી પૂછે છે : 'કાલે સવારે પણ ફરવા જઈએ ?' શ્રી યોગેશ્વરજી કહે છે : 'કાલે ના જશો. આરામ કરજો.'

ત્યાં અચાનક શ્રી યોગેશ્વરજી : 'તમે અહીં આવો. મારે આશીર્વાદ આપવા છે. હું કોઈનું દેવું રાખતો નથી.' એમ 'મા' સર્વેશ્વરીને કહી, એમના માથા પર ને પાછળ પીઠ ઉપર આશીર્વાદસૂચક હાથ ફેરવે છે. પછી પ્રવચનમાં જવા ઓરડાની બહાર નીકળી, મોટરમાં બેસે છે. માર્ગમાં પ્રવાસ, પ્રચાર, મંદિર વગેરેની વાતો થાય છે. પ્રવચનસ્થળ આવતાં ગાડી ઊભી રહે છે. શ્રી યોગેશ્વરજી બાબુભાઈને કહે છે : 'આજે પ્રથમ દિવસ છે એટલે ''મા'' સર્વેશ્વરીનો પરિચય હું જ આપીશ.' લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં પ્રવેશી શ્રી યોગેશ્વરજી



શ્રોતાઓના નમસ્કાર ઝીલી હૉલમાં પધારે છે. ધીમે પગલે મંચ ઉપર આવી જઈ, બેઠક લે છે. માઈક ચાલુ કરી હૉલમાં નીચે બેઠેલી બહેનોને ભજન માટે અપાય છે. ત્યાં તો માઈક બગડે છે. પોણો કલાક રિપેરિંગમાં થાય છે.

શ્રી બાબુભાઈ શ્રી યોગેશ્વરજીનો પરિચય આપી ટ્રસ્ટીઓ તરફથી તેમને પુષ્પહાર અર્પણ કરે છે. ઘડિયાળમાં સાડા નવ થવા આવ્યા હતા એટલે 'મા' સર્વેશ્વરીએ રોજની પ્રથા મુજબ પોતાનું ભજન નહીં, 'મોડું થયું છે જેથી પ્રવચન જ ચાલુ થશે' એમ કહી માઈક શ્રી યોગેશ્વરજી પાસે મોકલાવ્યું પણ શ્રી યોગેશ્વરજીએ ઈશારાથી માઈક 'મા' સર્વેશ્વરી પાસે જ મુકાવ્યું ને 'મા' સર્વેશ્વરીએ 'પ્રભુ મને પાજો રે પ્રેમનો પિયાલો' ભજન ગવડાવ્યું. પૂ.શ્રી યોગેશ્વરજીએ મસ્ત બનીને ટેબલ ઉપર હાથથી તાલ આપ્યો. પછી પ્રવચન શરૂ થયું. સુંદર, અદ્‌ભુત, મુગ્ધ કરી નાંખે તેવું સારવાહી, સૂચક પ્રવચન ૧૮ મિનિટ જ ચાલ્યું, છેલ્લું વાક્ય 'રામચરિતમાનસનો આ સાર' ઉચ્ચારતા શ્રી યોગેશ્વરજીની વાણી અચાનક સ્થગિત થઈ ગઈ. કોઈ જાતના દર્દ કે દુ:ખની અભિવ્યક્તિ વિના ખૂબ શાંતિથી શરીર સહજ રીતે જેમ હતું તેમ જ રહ્યું. 'મા' સર્વેશ્વરીએ પાણી મંગાવ્યું, શ્રી યોગેશ્વરજીના મુખમાં રેડવાનો પ્રયાસ કર્યો પણ વ્યર્થ. સૌ કોઈ મંચ પર દોડી આવ્યા, શ્રી યોગેશ્વરજીને સુવડાવી દેવામાં આવ્યા. એક નર્સબહેને કૃત્રિમ શ્વાસોચ્છ્‌વાસના પ્રયત્નો કર્યા. ડૉક્ટરોની દોડાદોડ શરૂ થઈ ગઈ. 'મા' સર્વેશ્વરી સ્વસ્થ હતાં એ ખ્યાલે કે 'પૂજ્યશ્રી સહજ સમાધિમાં હશે.'

હૉસ્પિટલમાં તાબડતોબ લઈ જવાયા, છેલ્લા પ્રયત્નરૂપે હૃદયપ્રદેશમાં ઈંજેક્શનો મૂકવામાં આવ્યાં પણ વ્યર્થ. હવે જે

સત્ય છે તેનો સ્વીકાર કરવો જ રહ્યો. શ્રી યોગેશ્વરજીના પાર્થિવ દેહને શ્રી બાબુભાઈને ત્યાં લઈ જવામાં આવ્યો. સામાન્ય સામાજિક રિવાજ મુજબ શ્રી યોગેશ્વરજીને નીચે પથ્થર ઉપર જ સુવાડવાની ચેષ્ટા થઈ ત્યાં 'મા' સર્વેશ્વરી તરત જ ઊભા થઈ, ઉતારાના ઓરડામાં જે લેખન માટે તૈયાર કરેલી તે લીલી ચાદર વાળી ગાદી બહાર લઈ આવ્યાં, સાથે ઓશીકું પણ લાવ્યાં ને શ્રી યોગેશ્વરજીના લીલાતનુને ત્યાં પધરાવ્યો.

'પૂજ્યશ્રી જાગશે જ' એવી કલ્પના છે એટલે આખોયે પ્રસંગ ખૂબ હિંમતથી, સ્વસ્થતાથી, તટસ્થભાવે 'મા' જોઈ રહે છે.

છેવટે 'મા' સર્વેશ્વરી શ્રી યોગેશ્વરજીના લીલાતનુ પાસે મૌન પ્રાર્થના શરૂ કરે છે : 'પ્રભુ જગ માટે જાગો. સાચે જ ચિરનિદ્રામાં હો તો જગ માટે જરૂરી હોઈ જાગો.'

પ્રાર્થના વ્યર્થ હતી. કારણ, ચાલુ પ્રવચને જ શ્રી યોગેશ્વરજીએ પાર્થિવ તનુનો ત્યાગ મંચ ઉપર જ સહજ રીતે કરી દીધો હતો.

પૂ.'મા' સર્વેશ્વરીએ શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે ; 'પૂજ્યશ્રી પોતાના જીવનની પ્રત્યેક પળ જાગૃતિપૂર્વક જીવ્યા છે, સતત સમાજોપયોગી કાર્યોમાં રત રહ્યા છે. આપણે તેમના કાર્યને આગળ ધપાવવાનું છે.'

આજે 'મા' સર્વેશ્વરી પોતાના પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી માટે સ્વયં મહામૃત્યુંજયમંત્રનું જાણે સાકાર સ્વરૂપ બનીને તેઓશ્રીના જીવનકાર્યને અક્ષુણ્ણ, અમર, અખંડ રાખવા-આગળ ધપાવતાં પ્રત્યેક પળ પ્રાણપણે મથતાં રહી, અધ્યાત્મવિશ્વને પ્રતીત કરાવી રહ્યાં છે કે, 'શ્રી યોગેશ્વરજ્યોત અનસ્ત રહી છે, રહેશે.'



# શ્રી રામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ

ઓગસ્ટનું બીજું સપ્તાહ પણ બેસી ગયું. મહાસમાધિને ત્રણચાર દિવસ બાકી રહ્યા હશે, ત્યારે શ્રીરામકૃષ્ણે નરેન્દ્રને બોલાવ્યો. એના તરફ સ્થિર દૃષ્ટિ કરીને એ ઊંડી સમાધિમાં ઊતરી ગયા. નરેન્દ્રને એવું લાગ્યું કે વીજળીના જેવો કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહ્યો છે; એણે સઘળું બાહ્ય ભાન ગુમાવ્યું. થોડી વારે એને ભાન આવ્યું ત્યારે એણે જોયું કે શ્રીરામકૃષ્ણ રડી રહ્યા છે. એને નવાઈ લાગી. શ્રીરામકૃષ્ણ બોલ્યા : "અરે નરેન ! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું કેવળ અકિંચન ફકીર બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ. એ કાર્યો પાર પાડ્યા પછી તું જ્યાંથી આવ્યો છે, ત્યાં પાછો જઈશ."

આમ શિષ્યમાં ગુરુ સમાઈ ગયા. નરેન્દ્રના જીવનની એ સૌથી ધન્ય પળ હતી.

મહાસમાધિની બે દિવસની પૂર્વે જ નરેન્દ્ર શ્રીરામકૃષ્ણની પથારી પાસે ઊભો હતો; એ વખતે એને એક વિચાર આવ્યો. એને થયું : "પોતે ઈશ્વરનો અવતાર છે એવું શ્રીરામકૃષ્ણ અનેક વાર બોલી ચૂક્યા છે, પરંતુ જ્યારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય વેદના ભોગવી રહ્યા છે ત્યારે, એવી અવસ્થામાં પણ જો એ કહી શકે કે 'હું ઈશ્વરનો અવતાર છું' તો હું એમને માનું." પરંતુ ત્યાં જ એક નવાઈભરી ઘટના બની. નરેન્દ્રનો વિચાર પૂરો થયો ન થયો કે તરત જ શ્રીરામકૃષ્ણ એના તરફ ફર્યા અને તમામ શક્તિ એકઠી કરીને સ્પષ્ટ રીતે બોલ્યા : "અરે

નરેન ! તને હજી ખાતરી થતી નથી ? જે રામ હતા, જે કૃષ્ણ હતા, તે જ રામકૃષ્ણરૂપે આ દેહમાં વિરાજે છે; અને એ પણ તારી વેદાન્તદૃષ્ટિથી નહીં ?'' નરેન્દ્ર તો આ શબ્દો સાંભળીને ભોંઠો જ પડી ગયો ! હજી પણ શંકા ? એ મનમાં ને મનમાં જ પસ્તાઈ રહ્યો.

રવિવાર, ૧૫મી ઑગસ્ટ, ૧૮૮૬....છેલ્લો દિવસ.

આજે શ્રીરામકૃષ્ણની પીડાનો પાર ન હતો. ડૉક્ટરે હાથ ખંખેર્યા. સાંજ ઢળતી હતી. શ્રીરામકૃષ્ણનો શ્વાસ રુંધાઈ રહ્યો હતો. એકાએક એ સમાધિસ્થ થયા. આ કોઈ અસાધારણ પ્રકારની સમાધિ હતી એવું સૌને લાગ્યું. સેવામૂર્તિ શશીનું હૈયું હાથ ન રહ્યું; એ રડવા લાગ્યો. ગિરીશ અને રામને બોલાવવામાં આવ્યા. મધ્યરાત્રિ પછી શ્રીરામકૃષ્ણ ભાનમાં આવ્યા. એમને ભૂખ લાગી હતી. કશી અડચણ વગર એમણે રાબ પીધી. એમણે કહ્યું કે : ''હવે મને આરામ લાગે છે.'' નરેન્દ્રે એમને સૂઈ જવાનું કહ્યું, પરંતુ છેવટની ઘડી સુધી ધીમા સાદે એમણે વાતચીત ચાલુ રાખી. નરેન્દ્રને તેઓ આખરી સલાહ આપી રહ્યા હતા. પછી ત્રણ વાર ''કાલી'' ! ''કાલી'' ! ''કાલી'' ! સ્પષ્ટ રીતે ઉચ્ચાર કરીને એ ધીમેથી પથારીમાં સૂતા. ગુરુદેવને આરામ છે એવું જોઈને નરેન્દ્ર નીચેના ઓરડામાં ગયો.

પરંતુ એકાએક એક ઉપર બે મિનિટે શ્રીરામકૃષ્ણના દેહમાંથી એક કંપારી પસાર થઈ ગઈ; એમનાં રૂવાડાં ખડા થઈ ગયાં; આંખો નાકના ટેરવા ઉપર ઠરી રહી; મુખ ઉપર દિવ્ય સ્મિત રમી રહ્યું-અને શ્રીરામકૃષ્ણ સમાધિમાં મગ્ન થઈ ગયા. એ જ મહાસમાધિ હતી. હવે આ પાર્થિવ જગતમાં તેઓ પાછા ફરવાના ન હતા.



આમ સને ૧૮૮૬ની ૧૬મી ઑગસ્ટ, સોમવારે વહેલી પરોઢે શ્રીરામકૃષ્ણના જીવન ઉપર આખરી પડદો પડી ચૂક્યો. દીપનું નિર્વાણ થયું. ૧૯મી સદીની એક મહાન વિભૂતિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી. ભક્તો અને પ્રશંસકો શોક કરતા રહી ગયા. રાત્રિ તો અજવાળી હતી, પરંતુ ગુરુદેવના દેહને વીંટળાઈ વળેલી મંડળીના મુખ ઉપર શોકની શ્યામલ છાયા પથરાઈ હતી. એમનો ખજાનો ખૂંચવાઈ ગયો હતો; અસહાયતાના ખ્યાલે સૌને જડવત્ બનાવી દીધા હતા.

સવારનું અજવાળું થયું. કલકત્તાભરમાં વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા. દર્શનાતુર લોકો ઊમટી પડ્યા. આઠેક વાગ્યે કર્નલ વિશ્વનાથ ઉપાધ્યાય આવી પહોંચ્યા. એમણે શ્રીરામકૃષ્ણના દેહને તપાસીને જાહેર કર્યું કે બધું પતી ગયું નથી, હજી ઊંડી સમાધિની સ્થિતિ છે. બપોર થયા. ડૉ.મહેન્દ્રલાલ સરકાર આવ્યા, અને એમણે અભિપ્રાય આપ્યો કે અર્ધા કલાક પહેલાં શ્રીરામકૃષ્ણના પ્રાણ દેહમાંથી નીકળી ચૂક્યા છે.

પાંચ વાગ્યે શ્રીરામકૃષ્ણના મૃતદેહને ચંદન, પુષ્પો તથા ભગવાં વસ્ત્રોથી વિભૂષિત કરીને કેટલાક સમય સુધી આંગણામાં રાખવામાં આવ્યો. ડૉ.સરકારની સૂચનાથી ફોટો લેવામાં આવ્યો. પછી સરઘસ-આકારે કાશીપુરની સ્મશાનભૂમિમાં શ્રીરામકૃષ્ણના દેહને ભક્તો લઈ ગયા. ભજન ચાલુ હતાં. સૌનાં નેત્રો આંસુભર્યાં હતાં. બે કલાકમાં શ્રીરામકૃષ્ણનો ભૌતિક દેહ અગ્નિમાં મળી ગયો.

શું ખરેખર શ્રીગુરુ સિધાવ્યા હતા ? એમના જ શબ્દોમાં કહીએ તો પોતે ''એક ઓરડામાંથી બીજા ઓરડામાં ચાલ્યા ગયા હતા.''

શાંત ઈશ્વરાધીન વૃત્તિ ભક્તોના ચિત્તમાં રમી રહી. શ્રીરામકૃષ્ણના દેહની ભસ્મ અને અસ્થિને એક પાત્રમાં ભરીને ધીમે પગલે અને ભારે હૈયે સૌ પાછા ફર્યા. 'જય રામકૃષ્ણ'નો નાદ ગજવતા તેઓ કાશીપુરમાં પાછા ફર્યા.

મનુષ્યજાતિ માટે આદર્શરૂપ થઈને આ મહાપુરુષ જીવ્યા હતા. એમના ફ્રેંચ ચરિત્રકાર શ્રીયુત રોમાં રોલાંએ એમને અંજલિ આપતાં લખ્યું છે : "એમના વખત સુધી કોઈ પુરુષે બ્રહ્મના એક કરતાં વધારે પાસાંનો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કર્યો ન હતો. એ બધાં જ પાસાંનો સાક્ષાત્કાર કરવો જોઈએ એ આ યુગનું કર્તવ્ય હતું. આ પુરુષે પોતાનાં જીવતાં તમામ માનવ ભાંડુઓ જોડે તાદાત્મ્ય સાધ્યું. આ પુરુષ એ નવા યુગને તેના ધ્યેય સુધી પહોંચાડનાર સુકાની અને ભોમિયા હતા."

---

પોતાની મેળે સૂર્યનો ઉદય અને અસ્ત થાય છે. સૂર્યનો અસ્ત થયો તો રડવા બેસશો કે સૂર્ય ચાલ્યો ગયો ? એનો નાશ થઈ ગયો ? ઉદય-અસ્ત તો જોનારની નજરમાં છે. એવી આ 'જીવનની સત્તા'ના ઉદય-અસ્ત નથી. એમાં એક 'અખંડિતતા' છે. એવી રીતે જન્મ-મરણ તેમજ જીવનના ઉદય-અસ્ત તું સમજ.

જગતમાં જન્મ-મરણ અનિવાર્ય છે. જીવનની ગતિ જ એવી છે જેમાં ઉત્પત્તિ-સ્થિતિ-લય સમાયેલાં છે. મૃત્યુને તમે જીવનની ગતિથી બહાર ન વિચારશો નહીં તો એને અમંગળ-અપવિત્ર કહેશો. એ જીવનની ગતિનું જ એક અંગ છે.

**—'જ્ઞાનેશ્વરી'ની અમૃતધારા**



# સ્વામી વિવેકાનંદની મહાસમાધિ

૧૯૦૨, '૪થી જુલાઈ ને શુક્રવારે રાત્રિના નવ ઉપર દશ મિનિટે સ્વામીજીએ મહાસમાધિમાં પ્રવેશ કર્યો. એ બધું એટલું બધું ઓચિંતું બની ગયું કે મઠમાં એમના ખંડની બાજુના ખંડોમાં રહેલા સ્વામીઓને પણ લેશમાત્ર એનું ધ્યાન રહ્યું નહીં. સ્વામીજી સાત વાગ્યે પોતાના ખંડમાં ધ્યાનમાં બેઠા હતા. એમણે સૂચના આપી હતી કે બોલાવ્યા વગર કોઈએ પણ એમાં પ્રવેશવાનું નથી. એક કલાક પછી એમણે અમારામાંથી એક જણને બોલાવ્યો અને માથા ઉપર પવન નાખવા જણાવ્યું. પોતે પથારી ઉપર શાંતિપૂર્વક સૂતા હતા અને એમની સારવાર કરનારને તો એવો જ ખ્યાલ હતો કે તેઓ ઊંઘમાં કે ધ્યાનમાં છે. એક કલાક પછી, એમના હાથ સહેજ કંપી ઊઠ્યા અને તેમણે એક ઊંડો શ્વાસ લીધો. પછી એક-બે મિનિટ સુધી શાંતિ છવાઈ રહી. ફરી વાર એમણે એ જ રીતે શ્વાસ લીધો; એમની આંખો એમની ભમ્મરના મધ્યભાગમાં સ્થિર થઈ ગઈ, એમની મુખમુદ્રા ઉપર કોઈ દિવ્ય ભાવ પથરાઈ રહ્યો અને એમના જીવન ઉપર છેલ્લો પડદો પડ્યો.'

પછી સ્વામીજીના દેહ પર થોડાંક વિશેષ ચિહ્નો દેખાયાં. આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. મુખ અને નાકમાંથી પણ થોડું લોહી નીકળ્યું હતું. બીજા ડોક્ટરોએ અભિપ્રાય આપ્યો કે મગજની રક્તવાહિની ફૂટી જવાને કારણે આમ બનવા પામ્યું છે. આથી પુરવાર થાય છે કે જપ અને ધ્યાનને કારણે દેહ છૂટતી વખતે બ્રહ્મરન્ધ્ર ભેદાઈ ગયું હશે. શ્રીરામકૃષ્ણે ભાખ્યું હતું તે પ્રમાણે, જ્યારે સ્વામીજીને આ જગતમાં વધુ વખત

રહેવાની ઈચ્છા ન રહી ત્યારે એમણે સ્વેચ્છાએ સમાધિ દ્વારા દેહનો ત્યાગ કર્યો.

એક સાચા યોગીને શોભે એ રીતે એમણે મહાપ્રયાણ કર્યું. એ રીતે સ્વામીજીએ ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને થાકેલું બાળક જેવી રીતે માતાના ખોળામાં જંપી જાય તેવી રીતે જગદંબાના ખોળામાં ચિરનિદ્રા લીધી. તેઓ ઘણી વાર કહેતા : 'હું ચાળીસ વર્ષ પૂરાં નહીં કરું !' એમનું એ વિધાન સાચું પડ્યું.

સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા.

ડોક્ટરોએ તો જો કે છેવટનો અભિપ્રાય આપી દીધો હતો છતાં હજી કેટલાકના મનમાં ઘેલી આશા હતી કે સ્વામીજીમાં ફરીથી ચેતનાનો સંચાર થશે જ ! કદાચ એ સર્વોચ્ચ સમાધિ હશે, એટલે અમુક વખતે પણ તેઓ જાગ્રત થશે ! એટલે બપોરના બે વાગ્યા સુધી શરીરને એમ ને એમ જ રહેવા દીધું; પણ સૌને દુઃખદ ભાન થઈ ગયું કે સ્વામીજી તો હવે પરમશાંતિના ધામમાં ચાલ્યા ગયા છે.

જે સ્થળે સ્વામીજીએ પોતાના દેહને અગ્નિદાહ દેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી તે સ્થળે ચિતા રચવામાં આવી. એમના દેહને ચિતા ઉપર મૂકવામાં આવ્યો. સંન્યાસીઓએ અને ભક્તોએ અગ્નિદાહ આપ્યો અને થોડીવારમાં જવાળાઓ એમના દેહને ઘેરીને ઊંચે જવા લાગી. અંધારઘેરી સંધ્યામાં એ જવાળાઓ શાંત થઈ ગઈ. એમનો દેહ ભસ્માવશેષ થઈ ગયો. ગંગાજળથી ચિતાને ઠારવામાં આવી.

બીજે દિવસે સાધુઓએ સ્વામીજીના પવિત્ર અવશેષોને ભેગા કરી લીધા. એ સ્થળે આજે એક મંદિર ઊભું છે. ત્યાં સહુ



નીરવ શાંતિમાં ધ્યાન ધરવા બેસે છે.

મૃત્યુએ મૃત્યુનું કાર્ય કર્યું. શોકના પડ નીચે ઊંડે ઊંડે સૌને પ્રતીતિ હતી કે આ કાંઈ અંત નથી. મઠ સૂનો લાગતો હતો, છતાં ભક્તોના હૃદયમાં એ હકીકત તો અવશ્ય ઊગી નીકળી કે જે પ્રકારનું જીવન સ્વામીજી જીવી રહ્યા હતા એને હાડમાંસના પિંજરમાં વધુ વખત રહેવું અસંભવિત હતું. આખરે તો એમણે નિર્વિકલ્પ સમાધિમાં દેહભાનનો હંમેશ માટે લય કરવાનો જ રહ્યો. એમના આ શબ્દો એ વસ્તુની વિશેષ સાબિતી આપે છે : 'એવું બનશે ખરું કે આ દેહમાંથી બહાર નીકળી જવાનું, એને એક જીર્ણ વસ્ત્રની જેમ ફેંકી દેવાનું મને બહેતર લાગે; પરંતુ મારું કાર્ય તો અવિરત ચાલ્યા કરશે ! જગત આખું પ્રભુ સાથે એકતા અનુભવી રહે ત્યાં સુધી હું સર્વત્ર મનુષ્યમાત્રને પ્રેરણા પાતો રહીશ !'

જગતમાં એમના શબ્દો સતત સંભળાતા જ રહેશે, સાચા મહાપુરુષનો નાદ તો સમગ્ર જગતના આકાશમાં વ્યાપી રહે છે. 'અદ્વૈત' આખી મનુષ્યજાતિની મૂડી બની રહે એ માટે એમણે ભગીરથ પુરુષાર્થ આદર્યો. શ્રીરામકૃષ્ણ મિશનનું ધ્યેય માત્ર ભારતને જ નહીં, પરંતુ સમગ્ર મનુષ્યજાતિના કલ્યાણને આવરી લે છે. જેમાં મનુષ્યની ભૌતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રગતિનો સમન્વય થઈ શકે એવું સત્ય પ્રબોધવાનો એમણે આદર્શ રાખ્યો, અને એવા આદર્શના ઘડતરમાં સ્વામીજીનો ફાળો મુખ્ય હતો.

એમણે કરેલા મહાકાર્યનું મૂલ્યાંકન પૂરેપૂરું થયું નથી. શું એમણે પોતે જ ઉદ્‌ગાર નહોતો કાઢ્યો કે, 'જો બીજો વિવેકાનંદ હોત તો આ વિવેકાનંદે કેવું કાર્ય કર્યું છે તે એ સમજી શક્યો

હોત !' છતાં એમણે જીવનલીલાને સંકેલી લેવાનું ઉચિત માન્યું. કામ પૂરું થયે ચાલ્યા જવાની વાત તેઓ ઘણીવાર કરતા. એટલે મિસ મેકલાઉડને એમણે આપેલા ઉત્તરથી આપણે પણ સંતોષ અને સમાધાન મેળવવાં રહ્યાં. મિસ મેકલાઉડે એમને પૂછ્યું : 'પણ એમાં આ જગતને છોડી જવાની શી જરૂર છે?' ત્યારે એમણે કહેલું : 'એક મહાવૃક્ષની છાયામાં બીજાં નાનાં વૃક્ષો ઊગી શકતાં નથી. બીજા લોકો માટે માર્ગ મોકળો કરવા માટે મારે જવું જ રહ્યું.' સાચું નેતૃત્વ અનાસક્તિના પાયા ઉપર વિરાજે છે એ સત્યનો આથી વધુ સબળ પુરાવો બીજો ક્યો હોઈ શકે ?

---

કબીરજીએ તેમના અંત સમયે બધા શિષ્યોને મગહરમાં બોલાવી લીધા. 'મારા મૃત્યુ બાદ કલહ કરશો નહીં' કહી કુટીરમાં જઈ પોતાના હાથની વણેલી ચાદર ઓઢી સૂઈ ગયા. આત્મા પરમાત્મા સાથે વિલીન થઈ ગયો.

કબીરજીના અંતિમ વિધિ અંગે હિંદુ અને મુસ્લિમ શિષ્યો વચ્ચે ઝઘડો થયો. ત્યારે આકાશવાણી થઈ કે; 'ભાઈઓ ઝઘડશો નહીં. હું સત્‌લોકમાંથી આવ્યો છું અને સત્‌લોકમાં જાઉં છું.' અને જ્યારે તેમના મૃતદેહ પરથી ચાદર હટાવાઈ તો ત્યાં ફૂલોનો ઢગલો હતો ! હિંદુ-મુસ્લિમોએ ફૂલ અને ચાદર અડધાં અડધાં વહેંચી લીધા.

**—'કબીરવિશેષ'**



# શ્રીમદ્ રાજચંદ્રનો દેહવિલય

શ્રીમદ્ રાજચંદ્રે વિ.સ.૧૯૫૭ના કારતક વદ સાતમના દિવસે અમદાવાદ પધારતાં પહેલાં દર્શનાર્થીઓને કહ્યું હતું; 'ફરી મળીએ કે ન મળીએ, સમાગમ થાય કે ન થાય પણ અમારા પ્રત્યે અખંડ વિશ્વાસ રાખજો. અમારામાં ને શ્રી મહાવીરદેવમાં કંઈ પણ ફેર નથી. ફક્ત આ પહેરણનો ફેર છે.' અમદાવાદમાં પણ મુનિઓને કહ્યું; 'અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહીં.'

માગસર વદમાં શ્રીમદ્ મુંબઈ પધાર્યા. સંગ્રહણીનું દર્દ દિવસે દિવસે જોર પકડતું ગયું અને એમનું શરીર ક્રમશઃ કૃશ થતું ગયું. મહા વદ ૬ના દિવસે શ્રીમદ્ પાછા વઢવાણ કેમ્પ પધાર્યા. જે શરીરનું વજન ૧૩૦-૧૪૦ રતલ રહેતું હતું એ વજન ૫૭ રતલ જેટલું નીચે ઊતરી ગયું હતું. છતાં પૂર્ણ આત્મજાગૃતિ અને પ્રસન્ન ચિત્તે તેઓશ્રી આત્મધ્યાનમાં રહેતા હતા.

ફાગણ સુદમાં શ્રીમદ્ રાજકોટ પધાર્યા અને ત્યાં જીવનના અંત પર્યંત સ્થિતિ કરી. અનેક મુમુક્ષુઓ અને સ્વજનો તેમનાં દર્શન-સેવાનો લાભ લેવા આવતા, પણ શરીર ઘણું અશક્ત થઈ ગયેલું હોવાથી ડૉક્ટરોએ વિશેષ વાતચીત માટે મનાઈ કરી હતી. છતાં શ્રીમદ્ ટૂંકા પત્રો લખાવતા. ફાગણ વદ ૩ના એક પત્રમાં લખાવ્યું :

'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.'

ચૈત્ર સુદ ૯ના દિવસે અંતિમ સંદેશો આપતા કાવ્યમાં

જણાવ્યું હતું; 'આત્માનંદમગ્ન એવા યોગીને જીવવાની તૃષ્ણા નથી કે મરણ આવી પડે તો ક્ષોભ નથી.'

કુશળ ડૉક્ટરોના સતત ઉપચાર, ભક્તિમાન મુમુક્ષુઓની અનન્ય સેવા તથા સ્નેહી સ્વજનોની માવજત છતાં આયુષ્યના અભાવે સર્વ ઉપાય નિષ્ફળ ગયા ને ચૈત્ર વદ ૪ દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે શ્રીમદ્દે કહ્યું; 'તમે નિશ્ચિત રહેજો. આ આત્મા શાશ્વત છે. અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત કરવાનો છે. તમે શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારા કહી શકવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો.'

પછી ચૈત્ર વદ ૫ના દિવસે મંગળવારે બપોરના બે વાગ્યે શ્રીમદ્‌ના પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો. તેમના દેહત્યાગ અંગે શ્રી નવલચંદભાઈએ લખ્યું કે; 'કૃપાળુદેવ ધ્યાનારૂઢ થયા વખતની શરીર સ્થિતિ કાયોત્સર્ગની પરિપૂર્ણતાદશા સૂચવતી હતી. અને તે છેવટ સુધી તેવી ને તેવી રહી હતી.'

આમ વિરલ વિદેહી વીતરાગ વિભૂતિએ માત્ર તેત્રીસ વર્ષ અને પાંચ માસની યુવાનવયે સંપૂર્ણ શુદ્ધિમાં સમાધિસ્થપણે રાજકોટમાં રાજચંદ્ર નામધારી દેહપર્યાય છોડ્યો. અર્થાત્ 'રાજ' નામધારી-દેહરૂપી 'કોટ'નો ત્યાગ કર્યો. તેમના ઉપકારી દેહના અંતિમ રજકણો પામી રાજકોટ શહેર ધન્ય બન્યું, તીર્થ બન્યું અને 'રાજ-કોટ' નામ સત્ય કર્યું.

આ શ્રીમદે નડિયાદમાં એકવાર એક ભાઈને કોટ ઉતારીને આપતાં કહ્યું હતું; 'જેવી રીતે અમે આ કોટ આપીએ છીએ, તેવી રીતે આ દેહ છોડીને જવાના છીએ. આત્મા દેહથી ભિન્ન છે એવું ભાન જેમને થયું છે તેમને દેહ છોડતાં કોટ ઉતાર્યા જેવું લાગે છે.'

સંતનાં વચન કેવાં સૂચક, યથાર્થ અને સત્યપૂર્ણ હોય છે !



# શ્રી રમણ મહર્ષિનું મહાનિર્વાણ

શ્રી રમણ મહર્ષિ માટે પાર્થિવ દેહ કોઈ સંઘરવી જેવો ખજાનો ન હતો. એ કેટલો લાંબો ટકે એ વિશે તેઓ નિરપેક્ષ હતા. તેમના ભક્તો તેમની પીડાને મૃત્યુના ભયથી સંતાપ અનુભવતા હતા, તેઓ નહિ.

૧૪મી એપ્રિલના શુક્રવારે સવારે મહર્ષિએ પરિચારકોને ફરી ધ્યાનમગ્ન રહેવા કહ્યું. બપોરે જ્યારે તેમને માટે પ્રવાહી ખોરાક લાવવામાં આવ્યો, ત્યારે સમયના આગ્રહી મહર્ષિએ સમય પૂછ્યો, પણ પછી તરત કહ્યું, 'આજ પછી હવે સમયનો અર્થ રહેશે નહીં.'

એક પરિચારકની બહુ લાંબા સમયની સેવાની કદર કરતાં ભાવાર્દ્ર બની મહર્ષિએ કહ્યું, 'અંગ્રેજો પાસે 'Thanks' શબ્દ છે, પણ અમે કેવળ '**संतोषम्**' (હું ખુશ થયો છું) એટલું કહીએ છીએ.'

સાંજે ચાર-પાંચ વાગ્યે મહર્ષિના ઓરડાના ખુલ્લા દ્વાર આગળ વિષાદમય અને ભાવવિહ્વળ લોકોની ભારે ભીડ થઈ ગઈ. મહર્ષિનું શરીર રોગજર્જરિત થઈ ગયું હતું. પાંસળીઓ ગણી શકાતી હતી. ચામડી કાળી પડી ગઈ હતી. દર્દનો એ કરુણાજનક સાક્ષાત્કાર હતો. છતાં આ અંતિમ દિવસો દરમ્યાન ભક્તો મહર્ષિની સીધી-સચોટ દેદીપ્યમાન કદરદાનીની કૃતજ્ઞ દૃષ્ટિ, જે એમની કૃપાના અંશરૂપ હતી, તે અનુભવતા હતા.

એ સાંજે મહર્ષિનાં દર્શન બાદ ભક્તો ઘરે જવા વીખરાયા નહીં. ત્યાં જ રોકાઈ ગયા. મહર્ષિએ પરિચારકોને પોતાને બેઠા

કરવા કહ્યું. તેઓ જાણતા હતા કે, પ્રત્યેક હલનચલન, પ્રત્યેક સ્પર્શ પીડાકારક હતો. પણ મહર્ષિએ તેમને ચિંતા ન કરવા કહ્યું. એક પરિચારક તેમના મસ્તક પાછળ હાથ ધરી રહ્યો. ડૉક્ટરે તેમને પ્રાણવાયુ આપવાની તૈયારી કરી, પણ મહર્ષિએ હાથ હલાવી ના પાડી. એ નાના ખંડમાં બારેક માણસો હતા. બે પરિચારકો તેમને પંખો નાંખતા હતા. બહાર રહેલા ભક્તો બારીમાંથી એ હાલતા પંખાને આશાપૂર્ણ નજરે તાકી રહ્યા હતા, કેમ કે, પંખો નાંખવા માટે હજી મહર્ષિનું શરીર હયાત હતું ! હૉલની બહાર બેઠેલ ભક્તસમૂહ 'અરુણાચલ શિવ' ગાવા માંડ્યો. એ સાંભળતાં મહર્ષિની આંખો ખૂલી તેમજ ચમકવા લાગી. એમણે અત્યંત કરુણાસભર સ્મિત કર્યું. એમનાં નેત્રોના ખૂણામાંથી કૃપાનાં અશ્રુ ટપકતાં હતાં. એક વધારે શ્વાસ અને હવે વધારાના શ્વાસની જરૂર નહીં રહે. નહોતો સંઘર્ષ, ન હતી કોઈ મથામણ. નહોતું મૃત્યુનું કોઈ ચિહ્ન. કેવળ બીજો શ્વાસ લેવાયો નહીં.

અને ૮-૪૭ વાગ્યે મહર્ષિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી.

થોડીક ક્ષણો ત્યાં એકત્રિત માનવસમૂહ સ્તબ્ધ થઈ ગયો. પણ પછી ત્યાં ભારે ગમગીની છવાઈ ગઈ. મહર્ષિનું શરીર મોટા હૉલમાં સોફા પર લાગીને યોગાસનની સ્થિતિમાં મૂકવામાં આવ્યું, જેથી જનતા તેમનાં અંતિમ દર્શન કરી શકે. ભક્તો ફૂલોથી આચ્છાદિત મહર્ષિના દેહની આસપાસ વીંટળાઈને બેસી ગયા. સમાધિ જેવો એમનો નિશ્ચલ ચહેરો એવો દર્દનાક દેખાતો હતો કે, જોનારનું હૃદય નીકળી જાય ! પણ રાત્રિ દરમ્યાન ચમત્કારિક રીતે તેના પર શાંતિ છવાયેલી દેખાઈ.



મહર્ષિના નિધનના સમાચાર શહેરમાં અને આજુબાજુના પ્રદેશોમાં પ્રબળ પાવકની જેમ પ્રસરી ગયા ને લોકોનાં ટોળેટોળાં આવવા માંડ્યાં. રાતભર ભક્તો એમના પવિત્ર શરીર પાસે બેસી રહ્યા. વેદોના ધ્વનિ સવાર સુધી ચાલતા રહ્યા. વાતાવરણની ગમગીનીની નીચે છુપાયેલી શાંતિ ધ્યાન ખેંચે તેવી હતી. જેમની કૃપા એ જ જેમના જીવનનો અર્થ હતો. એવા ભક્તોને હવે મહર્ષિના એ શબ્દોનું તાત્પર્ય સમજાયું. 'હું દૂર નથી જતો. હું ક્યાં જઈ શકું ? હું અહીં જ છું.' આમાં 'અહીં' શબ્દ સ્થળની સીમિતતા નહીં, પણ આત્માનો નિર્દેશ કરે છે, જેને નથી (ક્યાંય) જવાનું, નથી બદલાવાનું, કેમ કે તે શાશ્વત છે.

ભક્તો આ ક્ષણે પણ મહર્ષિની આંતરિક ઉપસ્થિતિ અનુભવતા હતા અને તિરુવન્નામલૈમાં તેમની સતત અલૌકિક ઉપસ્થિત સર્વેએ એવી અનુભવી કે, એમાં તેમને મહર્ષિનાં પ્રેમ અને કરુણાથી બોલાયેલાં એ વચનોની શ્રદ્ધેયતા પ્રતીત થઈ.

મહર્ષિના મહાપ્રયાણ વિશેનો અનુભવ નોંધાતાં એક ફ્રેન્ચ ફોટોગ્રાફર કાર્તિય બ્રાસેએ કહ્યું હતું, 'હું મારા મકાનની બહાર ખુલ્લી જગ્યામાં હતો ત્યારે મારા મિત્રોએ મારું ધ્યાન આકાશ તરફ ખેંચ્યું. મેં ત્યાં એક અત્યંત પ્રકાશિત તેજસ્વી તારો જોયો, જે દક્ષિણ તરફથી આવી, આકાશમાં ધીમેથી પસાર થઈ, અરુણાચલ પર્વતના શિખર પર પહોંચીને એની પાછળ અદશ્ય થઈ ગયો. એના સંકેતને અમે તરત સમજી ગયા. ઘડિયાળમાં જોયું તો બરાબર આઠ ને સુડતાળીસ મિનિટ થઈ હતી. અમે સત્વર આશ્રમની દિશામાં રવાના થયા અને સખેદ જાણ્યું કે, એ સંકેત સાચો હતો. ગુરુદેવ એ જ વખતે મહાનિર્વાણ પામી ચૂકેલા.'

પાછળથી માહિતી મળેલી કે એ તારાને આશ્રમના ને આશ્રમની બહારના જ નહીં, પણ હિન્દુસ્તાનના બીજા ઘણા ભક્તોએ જોયો હતો. મહર્ષિના મંગલમય-મહિમામય જીવનનો એ રીતે અંત આવ્યો અને સમસ્ત સંસારની એ મહાન વિભૂતિએ આખરે સંસારની વિદાય લીધી.

બીજા દિવસે સવારે મહર્ષિના શરીરને દક્ષિણની ઓસરીમાં પૂજા અને અભિષેક માટે રાખવામાં આવ્યું. દૂધ, દહીં, ગુલાબજળ, નારંગીના રસ તથા અન્ય સુગંધી દ્રવ્યોથી એને સ્નાન કરાવી. તાજાં ગુલાબના હારોથી મંડિત એ શરીરને શાસ્ત્રીય વિધિપૂર્વક સમાધિ માટે તૈયાર કરવામાં આવ્યું.

સાંજે ૬.૩૦ કલાકે મહર્ષિના શરીરને સમાધિ માટે લઈ જવામાં આવ્યું ત્યાં સુધીમાં આશરે ચાલીસ હજાર લોકોએ એમનાં દર્શન કર્યાં. પછી શરીરને ખાદીથી વીંટાળી સમાધિસ્થળમાં પધરાવાયું. એની આજુબાજુ કપૂર ભરી ખાડાને પણ કપૂર, નમક અને ભસ્મથી ભરી દેવામાં આવ્યો. પછી સમાધિને ચણીને બંધ કરી દેવાઈ.

ભક્તોની ઈચ્છાનુસાર મહર્ષિની મહાસમાધિ શ્રી માતૃભૂતેશ્વરના મંદિરના પાછલા ભાગ અને મહર્ષિના જૂના હૉલની વચ્ચેની ખુલ્લી જગ્યામાં કરવામાં આવી (જેથી તેના પર ભવિષ્યમાં એક વિશાળ ધ્યાનખંડ બાંધી શકાય. જેની અંદર સર્વ ન્યાત, જાત કે ધર્મના ભક્તો નિરાંતે ધ્યાનમાં બેસી શકે.)

ત્યાં એકત્રિત માનવમહેરામણ મૂક ગમગીનીથી એમની સમાધિનાં દર્શન કરી રહ્યો; મહર્ષિની અનુપરિસ્થિતિથી વિમાસી રહ્યો કે, ‘હવે એ પ્રેમાર્દ્ર ચહેરો, એ કરુણાળુ સ્વર ન રહ્યો. રહ્યું કેવળ સમાધિ પર ચળકતા કાળા પથ્થરના શિવલિંગનું બાહ્ય



પ્રતીક અને રહ્યાં કેવળ અંતરમાં પ્રતિષ્ઠિત એમનાં આંતરિક પદચિહ્ન !’ આજે પણ જે શ્રી ભગવાન રમણમહર્ષિ પાસે જાય છે તેમને તેઓ પહેલાંની જેમ જ માર્ગદર્શન આપે છે. જે તેમને શરણે જાય છે તેમને તેઓ આશ્રય આપે છે. જે તેમને શોધે છે તે સર્વ માટે તેઓ અહીં જ છે.

આજે પણ અરુણાચલના એ સંત એમના સ્નેહસ્નિગ્ધ સ્વરે જાણે કહી રહ્યા છે : ‘A vision can never be eternal but ‘Siva’ is eternal’ (દૃશ્ય (જીવ) કદી શાશ્વત હોઈ શકે નહીં પણ શિવ શાશ્વત છે) જે દેખાય છે એ નહીં દેખાય એવું બનવાનું જ છે પણ જે શાશ્વત છે (આત્મા) તેને નથી જન્મ, નથી મૃત્યુ. સાચો પ્રેમ આત્મીયજન પ્રત્યે એવી દૃઢ શ્રદ્ધાથી પ્રતીત કરવા-કરાવવાનો છે કે, એ અંતરનિહિત જ છે અને એનો કદી ક્ષય થઈ શકે નહીં. ન હન્યતે.

શ્રી રમણ મહર્ષિએ પોતાના ભક્તોને કહ્યું હતું, ‘ભગવાન તમને ત્યજી દઈ દૂર જતા રહેવાના છે. એવું વિચારી તમે વ્યથિત થાઓ છો પણ હું ક્યાં અને કેવી રીતે જઈ શકવાનો છું ? હું તો અહીં જ છું.’

તું આ માટીના દ્વીપમાં પૂરાઈ પોતાને માટીરૂપ સમજે છે પરન્તુ વાસ્તવમાં જળના સ્વચ્છ બિંદુ કરતાં પણ તું વધુ સ્વચ્છ છે. તારા પરિચ્છિન્ન હુંપણાથી પર થઈ એકવાર આત્માનુભવ કર એટલે તને જણાશે કે, મહાન કીર્તિવંત ઈશ્વર તું જ છે.

**–સ્વામી રામતીર્થ**

# શ્રી અરવિંદની શરીરમાંથી નિવૃત્તિ

અંધકારમાં અટવાતી પૃથ્વીને તેજોમય ભાવિ માટે તૈયાર કરવા શ્રી અરવિંદ પૃથ્વી ઉપર આવ્યા હતા. તેમણે પોતાના સ્થૂલ દેહમાં અતિમનસ પ્રકાશને ઉતાર્યો અને નૂતન સાક્ષાત્કારથી માનવપ્રકૃતિના દિવ્ય રૂપાંતરનો માર્ગ શોધી આપ્યો.

ઈ.સ. ૧૯૪૯ના આરંભમાં અતિમનસ ચેતનાને ધારણ કરનાર શ્રી અરવિંદે રોગ અને મૃત્યુના બળો ઉપર વિજય મેળવ્યો હતો પણ હવે તેમણે દેહને છોડી દેવાનો સંકલ્પ કર્યો એટલે એક નાનકડા ટપકારૂપે રહેલ પ્રોસ્ટેટ ગ્લેન્ડની વૃદ્ધિના રોગે માથું ઊંચક્યું. શ્રી અરવિંદે દેહ પરથી પોતાનું નિયંત્રણ હટાવી લીધું. ને રોગને દૂર કરવા પોતાની આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કર્યો નહીં.

આખરે ૨૪મી નવેમ્બર, ૧૯૫૦ પણ આવી પહોંચી. શ્રીઅરવિંદે દરેક દર્શન-દિવસની જેમ જ સર્વ સાધકોને જ નહીં પણ આશ્રમમાં આવેલા તમામ મુલાકાતીઓને ને બીમારોને પણ દર્શન આપ્યાં. એ ભવ્ય તેજોમય દિવ્ય દેહમાં રોગની છાયા સરખી પણ કોઈને જણાઈ નહીં. એ પરમ સઘન શાંતિસભર વાતાવરણમાં પ્રત્યેકને દિવ્ય ચેતનાનો પ્રવાહ પોતાની અંદર આવતો અનુભવાયો. શ્રીઅરવિંદની આજુબાજુ તેજમંડિત ગૂઢ આભા છવાયેલી હતી, એમના નેત્રોમાંથી જાણે પ્રેમ અને કરુણાની ધારાઓ વહેતી હતી.

દર્શન પૂરાં થયાં અને શ્રીઅરવિંદ પોતાના ઓરડામાં પાછા ફર્યા ને જાણે અત્યાર સુધી એમની આમન્યામાં રહેલો રોગ હવે મુક્ત રીતે ઊછળી પડ્યો. મૂત્રાવરોધ તીવ્ર બની ગયો. હવે તો



કેથેટરનો ઉપયોગ કર્યા વગર છૂટકો જ ન હતો, પણ એ કોમળ દેહ પર યંત્રનો ઉપયોગ કરતાં તાવ આવી ગયો. શ્રીઅરવિંદની સારવારમાં રહેલા સર્વ ડૉક્ટરોએ એન્ટીબાયોટીક્સ દવાઓ અને ઈન્ફ્યુઝન થરાપીનો પ્રયોગ કરવા શ્રીમાતાજીની અનુજ્ઞા માંગી ત્યારે શ્રીમાતાજીએ કહ્યું : ''શ્રીઅરવિંદને આવા ઉપચારો અનુકૂળ નહીં પડે કદાચ હાનિકારક પણ નીવડે. જો જરૂર જણાશે તો તેઓ પોતે જ દરદ દૂર કરવા સમર્થ છે.''

એક શિષ્યે શ્રીઅરવિંદને પૂછ્યું : ''આપ સાજા થવા માટે દિવ્યશક્તિનો પ્રયોગ કરતા નથી.''

શ્રીઅરવિંદે વજનદાર શબ્દોમાં સ્પષ્ટ કહ્યું : ''ના.''

પાછળથી શ્રીમાતાજીએ જણાવ્યું કે, શ્રીઅરવિંદે દેહત્યાગ કરવાનો નિર્ણય અગાઉથી જ લઈ લીધો હતો. અને તે પણ તેમની યોગસાધનાના એક ભાગરૂપ જ હતો.

ચોથી ડિસેમ્બરે રાતના અગિયાર વાગે શ્રીમાતાજી ત્યાં આવ્યાં. તેમણે શ્રીઅરવિંદને અર્ધો પ્યાલો ટામેટાંનો રસ પીવડાવ્યો. ડૉ.સન્યાલ લખે છે : ''એ એક મહાવિલક્ષણ દશ્ય હતું. મૂર્છામાં અને દર્દમાં સપડાયેલું શરીર, શ્વાસોચ્છ્વાસ લેવાને મથી રહેલું શરીર, એકાએક શાંત થઈ જાય છે. એક ચેતના શરીરમાં દાખલ થાય છે. શ્રીઅરવિંદ જાગ્રત બને છે. સાજાસમા બને છે. રસ પી લે છે. ચેતના પાછી ચાલી જાય છે ને શરીર પાછું દર્દની ચૂડમાં ફસાઈ જાય છે.''

મધ્યરાત્રીએ શ્રીમાતાજી ફરી શ્રીઅરવિંદના ખંડમાં આવ્યાં અને તેઓ એકધારી રીતે શ્રીઅરવિંદને જોઈ રહ્યાં. એ સમયે નીરવ શાંતિમાં બિડાયેલાં શ્રીઅરવિંદનાં પોપચાં ખૂલ્યાં અને તેમણે શ્રીમાતાજી સામે સ્થિર દષ્ટિથી જોયું અને શ્રીમાતાજી પણ

એ જ રીતે તેમની સામે જોઈ રહ્યાં. તે સમયે શ્રીમાતાજીને જે કંઈ કહેવું હતું તે દૃષ્ટિમાત્રથી શ્રીઅરવિંદે કહી દીધું અને તેઓ ફરી ઊંડા ધ્યાનમાં ચાલ્યા ગયા.

વરસો પછી એ ઘટના વિશે શિષ્યે શ્રીમાતાજીને પૂછ્યું હતું, ત્યારે તેમણે જણાવ્યું હતું : ''તેમણે મને દૃષ્ટિમાત્રથી એમ જણાવી દીધું કે હવે હું શરીરમાંથી નિવૃત્ત થાઉં છું પણ તમારી હાજરીમાં હું શરીરમાંથી નિવૃત્ત નહીં થઈ શકું. એટલે એ સમયે તમે અહીં હાજર રહેશો નહીં.''

પાંચમી ડિસેમ્બરની શરૂઆત થઈ ગઈ હતી. થોડું પાણી પીને શ્રીઅરવિંદ ઊંડી સમાધિમાં ચાલ્યા ગયા. પછીની ઘટના વિશે ડૉ.સન્યાલે લખ્યું છે : ''ત્યાં શ્રીઅરવિંદના દેહમાં મેં એક આછો લગભગ ન દેખાય તેવો કંપ જોયો. શ્રીઅરવિંદે પોતાના હાથ ઉપર લીધાં એક પછી એક એ હાથને પોતાના હૃદય ઉપર મૂક્યા અને યંત્ર અટકી ગયું. શ્રીઅરવિંદનો શ્વાસોચ્છ્વાસ અટકી ગયો.''

પાંચમી ડિસેમ્બરે રાત્રીના એક ને છવ્વીસ મિનિટે શ્રી અરવિંદનો પ્રાણ ચાલ્યો ગયો હતો. શ્રીમાતાજી અર્ધા કલાકથી પણ વધારે વખત ત્યાં ઊભાં રહ્યાં હતાં. ડૉ. સન્યાલ છઠ્ઠીએ સવારે શ્રીઅરવિંદના ખંડમાં આવ્યાં. એ નોંધે છે તેમ ''શ્રીઅરવિંદનું સ્વરૂપ કેટલું સુંદર હતું ! શરીર પર સોનેરી ઝાંય હતી. મૃત્યુના કશા ચિહ્ન દેખાતા ન હતા.'' શ્રીમાતાજીએ જ ડૉ.સન્યાલને કહેલું : ''જ્યાં સુધી આ અતિમનસનો પ્રકાશ જતો નહીં રહે ત્યાં સુધી શરીર-વિકારનું એક પણ ચિહ્ન નહીં બતાવે.'' શ્રીઅરવિંદની આસપાસ ભૂરાશ પડતા સુવર્ણરંગનો, તેજોમય પ્રકાશનો અંચળો ફેલાઈ રહ્યો હતો. આ અતિમનસ પ્રકાશને ઉતરવા માટે, દેહનો આધાર આપવા માટે તો



શ્રીઅરવિંદ દેહમાંથી ખસી ગયા હતા અને જે ક્ષણે એમણે દેહ છોડી દીધો એ જ ક્ષણે એ દેહમાં એ પ્રકાશ ધસમસતો ઉતરી આવ્યો. વિશ્વના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું ન હતું; પણ એ તો શ્રીઅરવિંદની જીવનસાધનાની સિદ્ધિ હતી.

પૂરા પાંચ દિવસ એ દેહ તેજોમય શાંતિમાં એમને એમ પોઢેલો રહ્યો. પછી એ દેહમાં રહેલો પ્રકાશ ધીમે ધીમે પૃથ્વીની ચેતનામાં ઉતરવા લાગ્યો. પૂરા ૧૧૧ કલાક પછી એ તેજોમય દિવ્યદેહને સમાધિ માટે તૈયાર કરવામાં આવ્યો.

પૃથ્વી ઉપર અતિમનસચેતના વહેલી સક્રિય બને એ માટે શ્રીઅરવિંદે પોતે દેહમાં હોય અને તે દેહ અતિમનસરૂપી બની જાય એ મહાન સિદ્ધિને ત્યજી દીધી. શ્રીમાતાજીએ આ સંદર્ભમાં કહ્યું હતું, ''માનવજાતને માટે શ્રીઅરવિંદે કેટલું મોટું બલિદાન આપ્યું છે તેની લોકોને ખબર નથી. જો પૃથ્વીની ગ્રહણશીલતા વધારે હોત તો શ્રીઅરવિંદને દેહત્યાગનો નિર્ણય લેવાની ફરજ ન પડી હોત.''

પણ એટલું તો ચોક્કસ કે શ્રીઅરવિંદના આ દેહત્યાગે સ્થૂલ દેહને જ્યોર્તિમય બનાવવાની સાધનાની શક્યતાને સિદ્ધ કરી આપી.

---

જીવન્મુક્ત મહાત્મા તો પહેલેથી જ એટલે કે દેહ હોય ત્યારે પણ સર્વાત્મા પરમતત્ત્વ સાથે સભાનપણે એકરૂપ થયેલા હોય છે. તેથી (સદેહ અવસ્થામાં દીક્ષા આપવી અને માર્ગદર્શન કરવું અસંગત ન હોય તો વિદેહ અવસ્થામાં પણ નથી.) મૃત્યુ એમના સ્વરૂપ, એમની અવસ્થામાં કોઈ ફેરફાર કરતું નથી.

**—શ્રી રમણ મહર્ષિ**

# શ્રીરંગ અવધૂતજીનો અંતિમ પ્રવાસ

સંવત ૨૦૧૪ની આસો વદ એકમના રોજ શ્રીઅવધૂતજી લીંચ જવા નીકળ્યા. નારેશ્વરથી નડિયાદ આવ્યા હરિ ૐ મોટા મિત્રભાવે મળવા આવ્યા અને અવધૂતજી એમના આગ્રહથી એમના આશ્રમે ગયા. ત્યાંથી અરેરા ગામ થઈ કપડવંજ આવ્યા.

મહારાષ્ટ્રના ગુંજ ગામથી ગાંડા મહારાજના કેટલાક ભક્તો શ્રી અવધૂતજીને આમંત્રણ આપવા આવવાના હતા; પણ કોઈ કારણસર ન આવ્યા. કપડવંજ આવીને પણ તપાસ કરી.

એ દરમ્યાન કપડવંજ દર્શને આવેલા જયપુરના એક ભક્તે કહ્યું કે, 'બાપુજી ! મારો બંગલો તૈયાર થઈ ગયો છે અને તમે આવવાનું વચન આપ્યું છે તો ક્યારે પધારશો ?' અવધૂતજીએ કહ્યું કે; 'તું કહે ત્યારે. તું કહે તો અહીંથી જ જયપુર.' અને લીંચને બદલે તેમણે જયપુર જવાનું નક્કી કર્યું.

જયપુરથી હરિદ્વાર જવાનો પ્રસ્તાવ કમુબહેને મૂકતાં શ્રી અવધૂતજીએ તે પણ સ્વીકાર્યો. અવધૂતજી કપડવંજથી સાબરમતી આવી, લીંચના લોકોને સાબરમતી મળી, વિમાનમાર્ગે જયપુર ગયા. જયપુરથી દિલ્હી થઈ હરિદ્વાર આવ્યા અને શેઠ નાનજી કાળીદાસની ધર્મશાળા 'આર્યનિવાસ'માં ઊતર્યા.

હરિદ્વારમાં સાધુ સંતોને મળ્યા. મંદિરના દર્શને ગયા. એ દરમ્યાન શેઠ નાનજી કાળીદાસ ભયંકર માંદગીમાં સપડાયા. એમની દીકરીએ અવધૂતજીના આશીર્વાદ માગ્યા. અવધૂતજીએ તાર દ્વારા આશીર્વાદ પાઠવ્યા. શેઠને આશીર્વાદ ફળ્યા. તેઓ ધીરે ધીરે સાજા થવા માંડ્યા.

પણ આ બાજુ અવધૂતજીનું સ્વાસ્થ્ય કથળ્યું અને ૧૯ નવેમ્બર ૧૯૬૮ના મંગળવારે (સંવત ૨૦૨૫ કારતક માસની ચૌદસ પર અમાસના દિવસે) રાત્ર ૮.૪૫ વાગે શ્રી



અવધૂતજીએ દેહ છોડ્યો. તેઓશ્રી બ્રહ્મલીન થયા.

શ્રી અવધૂતજીના દેહને વિમાનમાર્ગે અમદાવાદ લાવી બાયરોડ નારેશ્વર લાવ્યા. રસ્તા ઉપર દર્શન માટે ભક્ત મહેરામણ ઊમટ્યો હતો.

માગસર સુદ બીજનો ગુરુવાર તા.૨૧ મી નવેમ્બર ૧૯૬૮ના રોજ મોડી રાત્રે નારેશ્વરમાં અગ્નિસંસ્કાર થયા યોગાનુયોગ જન્મતારીખ અને અંત્યેષ્ટિ સંસ્કારની તારીખ એક જ આવી, ૨૧ મી નવેમ્બર !

'રેવાતટે તપઃ કુર્યાત્ મરણમ્ જાહ્નવીતટે'ની શાસ્ત્રોક્તિ પ્રમાણે અવધૂતજી જીવ્યા.

અવધૂતજીએ ન તો કોઈ વ્યવસ્થા અંગે સૂચના આપી કે પોતાના પછી આશ્રમની વ્યવસ્થા સંભાળવા અંગે કોઈ વસિયતનામું બનાવ્યું.

ભગવાનભરોસે નારેશ્વર આવ્યા અને ભગવાનના ભરોસે જ નારેશ્વર છોડ્યું, હરિદ્વાર છોડ્યું; જગત છોડ્યું.

પણ શ્રી અવધૂતજીએ જે આદર્શોની મશાલ જલાવી ને હવે એના ભક્તો માનવસેવા દ્વારા નૈતિક સદાચાર દ્વારા જલતી રાખી રહ્યા છે.

પોતાના નાના ભાઈના મૃત્યુ પ્રસંગે એકબાજુ અગ્નિસંસ્કાર થતા હતા ત્યારે બીજી બાજુ શ્રી અવધૂતજીના મનમાં ભજનના તરંગો ઊઠતા હતા, એના શબ્દો હતા :

**'ના દોસ્ત દુશ્મન કોઈ હમારા હમ સદા નિઃસંગી હૈ ।**
**સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ ॥'**

**'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મર આત્મન્ ।**
**છાત્રદેવો ભવ, પરસ્પરદેવો ભવ,**
**માતા યાતૈવ કેવલમ્, ન માતુઃ પરદૈવતમ્**
**સત્યમેવ પરમ તપઃ'**

—જેવાં સૂત્રો આપી તેઓ અ-મર થઈ ગયા છે.

# શ્રીમોટાનો દેહત્યાગ

પૂ. શ્રીમોટાના ગુરુનો આદેશ હતો કે, 'જ્યારે શરીર સમાજના ખપમાં ન આવે ત્યારે છોડી દેવું.' ઍલેમ્બિક કંપનીવાળા શ્રી રમણભાઇ અમીનને ત્યાં ફાજલપુર વડોદરા શ્રીમોટા પોતાનો દેહત્યાગ કરવા ગયા.

આ અગાઉ તારીખ ૧૯ જુલાઇ ૧૯૭૬ ના રોજ આશ્રમના અંતેવાસી શ્રી નંદુભાઇને એક કાગળ આપ્યો, જેમાં લખ્યું હતું :

**જે કોઇને આ અંગે લાગેવળગે છે તે જોગ**

'હું ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી 'હરિઃ ૐ આશ્રમ' નડિયાદ, આથી જણાવું છું કે, મારી રાજીખુશીથી, મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે. અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરીશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો—ઘણાં ભેગાં કરવા નહિ, તેમ મારા સેવકોને ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરા પધરાવી દેવાં. મારા નામનું ઇંટ—ચૂનાનું કોઇ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુનિમિત્તે જે કાંઇ નાણાંભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.'

તા. ૨૨ મી જુલાઇના રોજ શ્રીમોટા ફાજલપુર પહોંચ્યા



ત્યારે ધોધમાર વરસાદ હોવાથી શ્રી નંદુભાઇએ શ્રીમોટાને વિનંતી કરી કે 'મોટા બે—ત્રણ દિવસ રોકાઇ જાવ.' ત્યારે શ્રીમોટાએ ખૂબ કડક અવાજે કહ્યું : 'This is not a matter of discussion' પછી હસીને કહ્યું : 'અરે ભાઇ, દેહને અગ્નિ—સંસ્કાર કરવામાં મુશ્કેલી પડે તો નદીમાં પધરાવી દેજો. બસ, ચિંતા શું કરવા કરો છો?

અને આમ ૨૨ મી જુલાઇએ રાત્રે ૧.૨૫ વાગ્યે (એટલે કે તા. ૨૩ મીએ) શ્રીમોટાએ સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો. શ્રીમોટાના આદેશ પ્રમાણે ૨૩ મીએ સવારે ૬.૧૦ મિનિટે શ્રી નંદુભાઇ, શ્રી રમણભાઇ અમીન, શ્રીમતી ધીરજબહેન અમીન, શ્રી રામભાઇ પટેલ, ડૉ. કાંતાબહેન પટેલ અને શ્રી રાજુભાઇ પટેલ એમ છ જણની હાજરીમાં શ્રી રમણભાઇ અમીનના ફાર્મહાઉસની નીચે મહી નદીના કિનારે શ્રીમોટાને અગ્નિદાહ અપાયો.

શ્રીમોટાએ પોતાના પાર્થિવ દેહ દ્વારા જે અક્ષરદેહ અવતાર્યો છે તેના છેલ્લા શબ્દો ગુરુમહારાજની મહત્તા અને મહિમાને દર્શાવે છે : 'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે એટલે માણસ જેવા થઇ આપણા આગળ થઇને આપણું ઉકેલી આપે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે.'

મૌનમંદિરની વ્યવસ્થા અને દાનપ્રવૃત્તિ શ્રીમોટાના નિર્વાણ પછી પણ આશ્રમો દ્વારા નિભાવવામાં આવી રહી છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા કે, 'જ્ઞાની કરતાં વિજ્ઞાની ચઢે. કારણ કે તેને કોઇ પણ જાતનો ડર નહિ. તેણે તો સાકાર— નિરાકાર ઇશ્વરનાં બંને સ્વરૂપોનો સાક્ષાત્કાર કર્યો હોય છે.' આ રીતે શ્રીમોટા વિજ્ઞાની હતા.

# શ્રી શ્રી મા આનંદમયીની અવ્યક્ત તરફની ગતિ

શ્રી શ્રી મા આનંદમયીએ શ્રી યોગાનંદને કહ્યું હતું, 'આ ક્ષણભંગુર શરીર સાથે મારી ચેતનાએ કદી ઐક્ય અનુભવ્યું નથી. અહીં પાર્થિવ જન્મ લેતાં પહેલાં હું એ જ હતી. નાની છોકરી તરીકે હું એ જ હતી, પુખ્ત ઉંમરની સ્ત્રી થઈ ત્યારે પણ હું એ જ હતી, જે કુટુંબમાં જન્મી તેણે આ શરીરને પરણાવ્યું ત્યારે પણ 'હું એ જ હતી' અને પિતાજી, આજે તમારી સમક્ષ જે હું છું તે પણ 'હું તે જ છું' અને હવે પછી પણ અનંતના આકાશમાં મારી આજુબાજુ પ્રકૃતિના ફેરફારો ચાલ્યા જ કરતા હોવા છતાં પણ હું એ જ રહીશ.'

આવી અપરિવર્તનીય ચેતનાસ્વરૂપા શ્રી શ્રી મા આનંદમયીના મહાપ્રયાણના બે દિવસ પહેલાં ડૉક્ટરે જ્યારે તેમને પૂછ્યું 'માને કોઈ પીડા થાય છે ખરી ?' તો શ્રીમાએ કહ્યું 'બિલકુલ નહીં.' તેમનું શરીર જેટલું દુર્બળ થતું જતું હતું એટલી અધિક શક્તિ અને સ્પર્શ પ્રબળ થતાં જતાં હતાં.

અને તા.૨૭ ઓગસ્ટ ૧૯૮૨ની રાત્રે શ્રીમાએ દહેરાદૂનના આશ્રમમાં મહાપ્રયાણ કર્યું.

તા.૨૬મીએ 'દિવ્યજીવન સંઘ'ના સ્વામી કૃષ્ણાનંદજીએ પોતાની આંતરિક પ્રેરણાની રાધારૂપમાં શ્રીમાની પૂજા કરી તે દિવસ રાધાષ્ટમીનો હતો ! તેમણે શ્રીમાને બનારસી સાડી, ફળ ભેટ આપ્યાં. ને 'મા'ને વારંવાર પૂછ્યું; 'મા, અમે શી સેવા કરીએ ?' તો શ્રીમાએ ઉત્તરમાં ત્રણ વાર 'નારાયણ નારાયણ'



કહ્યું ને બોલ્યા; 'જે અંદરથી આવે એ.'

૨૭મીની શુક્રવારે પણ શ્રીમા બહુ જ ધીમે ધીમે 'નારાયણ હરિ' બોલતાં હતાં. નિકટ બેઠેલી આશ્રમની સેવિકાઓએ સાંભળેલા એ શ્રીમાના 'છેલ્લા શબ્દ' હતાં.

બપોરે સાડાત્રણ વાગ્યા પછી શ્રીમાએ એકદમ આંખ ખોલીને અનિમેષ રીતે જોયા કર્યું. રાત્રે પોણા આઠ વાગતાં ફરી નેત્રો ઊર્ધ્વમાં સ્થિર થયાં. અને થોડી ક્ષણોમાં શ્રીમાએ અંતિમ શ્વાસ લીધો. જગતની દૃષ્ટિએ ! શ્રીમાને તો આદિ-અંત સમાન હતાં.

તુરત કિર્તન શરૂ થયું. શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૮ મા અધ્યાયનો પાઠ થયો. સર્વને શ્રદ્ધા હતી કે, મા પોતાના ખ્યાલથી પોતાનું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરશે જ.

શ્રીમાએ પૂજ્યશ્રી શંકરાચાર્યને કહ્યું જ હતું કે, 'શરીરને કોઈ બીમારી નથી, તે અવ્યક્ત તરફ ખેંચાઈ રહ્યું છે.'

ભક્તો માનતા હતા કે, શ્રીમા દિવ્ય દેહ સાધારણ રીતિથી નહીં છોડે પરંતુ 'મા'એ વર્ષો પહેલાં કહ્યું હતું કે; 'મા પોતાનું શરીર સાધારણમાં સાધારણ રીતે છોડશે.' અને એમ જ બન્યું !

મનુષ્ય દેહ છે તો એ રીતે જ છૂટશે એમ છેલ્લા ચારેક મહિના બહુ જ અલ્પ પ્રમાણમાં રસ ને બાકી જળ પર જ રહ્યાં અને એ સમય દરમિયાન અનેક ભક્તોને શ્રીમાએ પોતાના સ્થૂળદેહ પ્રત્યેમાં પ્રેમ-આકર્ષણ દૂર કરાવી. સૂક્ષ્મમાં શક્તિ-અનુભૂતિઓ આપી. અને દૂરથી પણ શ્રીમા સાથે જ છે એ રીતનો અનુભવો આપ્યો.

આશ્રમની બહેનોએ શ્રીમાને સુંદર રેશમી ધોતી (જે શ્રીમા

પૂજા સમયે પહેરતાં) પહેરાવી, લલાટમાં ટીકો કર્યો અને શ્રીમાનું ઉજ્જવળ મુખારવિંદ આર પ્રકાશિત થઈ ઊઠ્યું !

શ્રીમાના શરીરને કનખલ (હરિદ્વાર) લઈ જવાનું નક્કી કર્યું. અને તા.૨૮મીએ સવારે ૭ વાગે શ્રીમાના દેહને આશ્રમના નીચેના સત્સંગહૉલમાં પલંગ પર શયનાસનમાં વિરાજિત કર્યો; જેથી ભક્તગણ દર્શન, પ્રણામ અને પુષ્પથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકે.

તા.૨૮ની મધ્યરાત્રિ સુધી શ્રીમાનું શરીર શયન મુદ્રામાં હતું. પછી શ્રીમાના શ્રીઅંગને નવનિર્મિત કાષ્ટ સિંહાસન ઉપર બેસાડવામાં આવ્યું. ૨૮ કલાક પછી પણ શરીર એટલું મુલાયમ હતું કે ઘણી સહેલાઈથી ડાબા પગને જમણા પગ ઉપર મૂકી બેસાડી શકાયું. શાસ્ત્રીય વિધિથી સમાધિ આપવા માટે આમ કરાયું હતું. બપોરે ૧.૩૦ પછી સંગેમરમરના આરસના મોટા બોક્સમાં શ્રીમાના શરીરને વેદોચ્ચાર સહિત મૂકવામાં આવ્યું.

અલબત્ત, શ્રીમાએ પોતાના શરીરસંબંધમાં શું કરવું તેનો કોઈ રીતનો સંકેત કદી કર્યો ન હતો. પણ શ્રીમાના સૂત્ર પ્રમાણે ‘જો હો જાય એ રીતે જ સઘળું થઈ ગયું.’

દેશભરમાં અનેક ભક્તોને એવું લાગ્યું કે, શ્રીમા પહેલાં કરતાં પણ અધિક પ્રત્યક્ષરૂપમાં અમારી સાથે છે.

આજે પણ પરમ કરુણામયી વિશ્વજનની શ્રીમા સર્વમાં વ્યાપ્ત છે એ અનુભૂતિ એનાં સંતાનોને કરાવતી વિશ્વમાં વિરાજમાન છે.



# શ્રી વિમલા ઠકારનું વિસર્જનપર્વ

**‘જીવીશું તો પ્રેમીઓનો સંગ છે,**
**મરીશું તો પ્રેમેશ્વરનો રંગ છે.’**

એમ કહી જીવન–મૃત્યુ ઉભયનું સંતુલનભર્યું ગૌરવ કરનાર વિશ્વવન્દ્ય તત્ત્વજ્ઞ શ્રી વિમલા ઠકાર ૧૧ માર્ચ ૨૦૦૯ ની વહેલી સવારે લાખો પ્રેમીઓને પોતાના સત્સંગના શાશ્વત રંગથી રંગી, સ્વયં પ્રેમેશ્વર પરમેશ્વરના રંગમાં રંગાઈ ગયાં.

જેમનો શ્વાસ પ્રભુશ્રદ્ધા અને ઉચ્છવાસ આત્મશ્રદ્ધા હતાં એ વિમલાજી કહેતાં, ‘આ પ્રભુસમર્પિત કાયા વાસ્તવમાં છે પ્રભુની છાયા. કાયાને છોડી છાયા રહેતી નથી. એટલે પ્રભુ છાયાની માયાને સમેટવા ચાહશે ત્યારે બહુ જ પ્યારથી સમેટી લેશે અને પ્રભુના આલિંગનમાં વિસર્જિત થવામાં તો કૃતાર્થતા છે. આ જીવનમાં આનંદ જ આનંદ છે. શાનથી મરવામાં પણ આનંદ જ આનંદ છે.’

આબુસ્થિત ‘શિવકુટિ’માં પ્રેમી ભક્તોના ગાયત્રીમંત્ર અને ‘ૐ’કારથી પવિત્ર, મંગલ સ્વરોના સંગીતમય–સંવાદમય વાતાવરણમાં વિમલાજીનાં નેત્રો હંમેશ માટે નિમિલિત થઈ ગયાં.

છેલ્લા ત્રણ દિવસ કેવળ ગંગાજળ ગ્રહણ કરેલું. મહિનાથી આહાર અને ઔષધ છૂટી ગયાં હતાં. આવનારા વિસર્જનપર્વને પોતાની રીતે પ્રેમથી વધાવી લીધેલું.

ગિરિરાજ આબુની શિવકુટિનો દીપ આકાશદીપમાં પરિવર્તિત થઈ ગયો. વિમલદેહમાં વિરાજિત આત્મા બહાર

પ્રસરી ગયો–વિસ્તરી ગયો. એ અવકાશશો વિશાળ સૂર્યતેજશો પ્રખર, જળતરંગશો શીતળ, ધરતીના કણશો વ્યાપ્ત, હવાની લહરશો આચ્છાદિત, દિવ્યતાની સહજ સુગંધશો માનવ્યની ભવ્યોજ્જવલ આભાને શાશ્વતી અર્પતો વિસર્જિત થઇ ગયો. પણ વિમલદેહસ્થિત આત્મચૈતન્ય કેટકેટલું અજવાળું પાથરી ગયું છે ને પાથરતું રહેશે એના લેખાંજોખાં કોઇ એકલદોકલ વ્યક્તિ નહિ, એનો હવાલો સમસ્ત વિશ્વ–સારી સમષ્ટિ જ આપી શકે, એવી સર્વવ્યાપી એમની ચેતના હતી.

તા. ૨૪–૧–૨૦૦૦ માં વિમલાજીએ કહ્યું હતું, 'મારું શરીર તો ટ્રસ્ટ છે જે બીજાઓને માટે મારે સંભાળવું પડે છે. યુક્ત આહારવિહાર આપવા પડે છે. કારણ કે વ્યક્તિના શ્વાસોચ્છ્વાસ પણ પોતાના માટે નહિ, લોકોના કલ્યાણ માટે હોય છે.' 'વિમલસત્ત્વ'માં કહ્યું છે તેમ, 'છેલ્લા સાત વર્ષ વિમલાજી અર્બુદાચલમાં જ રહ્યાં, શરીરનું આવરણ રહ્યું શરીરના ધર્મ નિભાવવા પૂરતું. મન નિર્વિચાર ને નિષ્કંપ. દેહમાં છતાં દેહાતીત દૃષ્ટિ અગોચર પ્રદેશમાં નિશ્ચલ. અડોલ, નિષ્કંપ અવસ્થા. પવિત્ર દેદીપ્યમાન નિરાવરણ અવધૂતી સ્વરૂપ. છેલ્લે કોઇ વ્યવસ્થા વિશે કશું બોલ્યાં નથી. અદ્‌ભુત અનાસક્તિ.'

એ કહેતાં : 'પ્રારબ્ધ પૂરેપૂરું ભોગવી લેવું છે. શોર્ટકટ નથી કરવો. જેને કારણે અમારું અહીં આવવાનું થયું છે એ પરિપૂર્ણ થયું છે. હવે કોઇ વધારાની ભૂમિકા ભજવવાની ઇચ્છા નથી.

જેમ પંખી પોતાના પદચિહ્નો આકાશમાં છોડતું નથી તે રીતે અમારાં પદચિહ્નો ક્યાંય છોડી જવા માગતાં નથી.'



'શિવકુટિ' સ્થિત વિમલદેહ કેવળ સંવેદનાનો પુંજ બની રહ્યો હતો. પ્રેમકરુણા એમાંથી વિગલિત બની વહ્યાં જ કરતાં હતાં. સમગ્રતા લૂંટાવી દેવા ચૈતન્ય સદા ઉત્સુક છતાં વિનમ્રતાનું અપાર ઐશ્વર્ય એમને કહેવા પ્રેરતું 'લેનાર નહિ, આપનાર બડભાગી છે.'

વિમલાજીએ બહુ પ્રેમથી કહ્યું, 'હું ધરતી પર દિવ્યપ્રેમની આનંદદાયક અવસ્થામાં જીવી છું.

જ્યારે તમે આ ધરતી પર મારા–તારાના ભેદ વગર, લોકો સાથે આસક્ત થયા વગર, સંબંધોમાં જીવશો ત્યારે જીવવાનું મૈત્રીના મહોત્સવમાં પરિણત થઇ જશે.

તમારું જીવન 'મૈત્રીનો મહોત્સવ' બને એ શુભકામના છે.

આ જીવ–શિવના ખેલાતા મહારાસનું નિવેદન છે.'

ઇ.સ. ૧૯૨૧ ની ૧૫ મી એપ્રિલથી ૨૦૦૯ ની ૧૧ માર્ચ વચ્ચે વિસ્તરેલી વિમલજીવનગાથા સહજ સંકેલાઇ ગઇ પણ આપણને સંકેતતી ગઇ :

'જ્યારે આપ યાદ કરશો, ત્યારે અનુભવ કરશો કે હું તમારી પાસે જ છું. દેશકાળનું અંતર મને સ્પર્શતું નથી. જ્યારે ને જ્યાં ઇચ્છશો ત્યારે મને તમારી પાસે પ્રત્યક્ષ પામી શકશો. ધ્યાનશક્તિ પર સાન્નિધ્ય નિર્ભર છે.'

અક્ષુણ્ણ સ્નેહનું આવું અભય વરદાન અર્પનાર એ સ્નેહમૂર્તિએ હંમેશ વિનમ્રતાથી કહ્યું :

**'ન હમ હૈ વ્યક્તિ, ન હૈ હમ શક્તિ,**
**હૈ તો બસ હોનેપનકી એક અભિવ્યક્તિ.'**

# શ્રીસાંઈબાબાએ સમાધિ પ્રાપ્ત કરી

સાંઈબાબા કહેતા કે, 'હું સતત ચિંતવન કરનાર માટે, મારામાં લીન રહેનાર માટે જિંદગી ન્યોછાવર કરી દઈશ.'

૧૯૧૪માં આરંભાયેલું પ્રથમ વિશ્વયુદ્ધ અડધે પહોંચ્યું હશે, ત્યારે પંદરમી ઑક્ટોબર, ૧૯૧૬ના દિવસે બાબા ઉન્માદમાં આવી બરાડા પાડવા લાગ્યા : 'આજે હું સરહદ ઓળંગવાનો છું. ને બરાબર બે વરસ બાદ ૧૯૧૮માં એ જ મહિનાની, એ જ તારીખે એમણે ચિરવિદાય લીધી.'

એ વિજયાદશમીનો દિવસ હતો. એના દસબાર દિવસ પહેલાં જે ઘટના ઘટી, એના પરથી એમને એમનું નશ્વર ખોળિયું ત્યજવાના સમયનો સંકેત મળી ગયેલો. સૂતી વખતે બાબા ગુરુ વેંકુસાએ આપેલી એક ઈંટનું ઓશીકું કરતા. દરરોજ રાત્રે સેવક માધવ એ ઈંટ મ્હાળઆપતિને આપતો. એક દિવસ માધવના હાથમાંથી એ ઈંટ સરી પડી, એના બે ટુકડા થઈ ગયા. બાબા ખૂબ ગુસ્સે થઈ ગયા અને પછી ઉદાસ સ્વરે બબડ્યા 'સોબત તૂટલી-સાથ તૂટ્યો.' વળતે દિવસે એમના પ્રખર શિષ્ય દીક્ષિતે કહ્યું; 'ઈંટ તૂટ્યાનો અફસોસ ન કરશો. હું એને રૂપાનું રેણ કરાવી સંધાવી લઈશ.' બાબા બોલ્યા : 'તમે સોનાનો સાંધો કરાવો તોય શા કામનો ? આ તો મારા ગુરુની બક્ષિસ. આ ઈંટ નથી તૂટી, મારા કર્મ ખૂટ્યાં છે.'

શ્રી સાંઈબાબાએ કહ્યું : 'આ ઈંટનું મૂલ્ય સમસ્ત બ્રહ્માંડથી અદકેરું છે. એ મારે માટે ધ્યાન માટેનું ઉપકરણ હતી, બલકે ધ્યાનનો પર્યાય હતી. આ ઈંટ મારા દૃશ્યમાન જીવનનું સ્વરૂપ



છે. એ ગઈ તો હવે મારું આ ખોળિયું પણ ખોવાઈ જવાનું.'

સેલુ નજીક પરભણી જિલ્લામાં ગુરુ સાથે અરણ્યવાસ કરતો હતો તે દરમિયાન કેટલાક દુષ્ટોએ અમારા પર પથ્થરમારો કરેલો. મારી સામે તકાયેલો ઘા ગુરુજીને માથામાં વાગેલો, એ જ આ ઈંટ ! પરંતુ મારા ગુરુની અદ્દ્ભુત શક્તિનાં શાં વખાણ કરું ! આ ઈંટ પૂરા દોઢ કલાક લગી હવામાં તોળાયેલી રહી હતી. એ હવામાં તોળાયેલી જ રહેત. પરંતુ એની તાકાતને કોઈ પદાર્થ સાથે અફાળી ખતમ કરવી જરૂરી હતી. મારા ગુરુએ મને બચાવવા પોતાનું માથું ધરી દીધું. આ દર્શાવે છે કે સંતો બીજા લોકોનાં દુઃખ જાતે ભોગવી એમને રાહત પહોંચાડે છે. મેં એ ઈંટ લઈ ગુરુના ચરણમાં મૂકી તો ગુરુએ મને એ પ્રસાદી તરીકે ભેટ આપી હતી. એટલે હું એને મારા માથે મૂકું છું-એનું ઓશીકું બનાવું છું. મારા સદ્દ્ગુરુ ગોપાળરાવ એમાં પ્રવેશી વ્યંકટેશસ્વરૂપે બિરાજતા હતા. આ ઈંટ પર મારા ગુરુનાં પદચિહ્ન અંકિત છે, તેથી હું મારા ગુરુને 'વેંકુસા' કહું છું. આટલી મહાન છે આ ઈંટ.

ભક્તોએ નોંધ્યું છે તેમ, 'તે દિવસથી બાબાનું નૂર ઊડી ગયું હતું. એમને જીવનમાં રસ નહોતો રહ્યો.'

આમ બાબાને પોતાના મૃત્યુની પાકી એંધાણી મળી ગઈ હતી. એક મુસ્લિમ સંત બાબાંમિયાને સંદેશો મોકલી જણાવ્યું હતું : 'અલ્લાહે જે રોશની પેટાવેલી એ પોતે જ બુઝાવી રહ્યો છે.' બાબાએ દરગાહમાં ઢોલનગારાં સાથે ફાતેહા પઢવાના અને ફકીરોને જમાડવા બસો રૂપિયા મોકલાવ્યા. સાથે જ ત્રણ દિવસ 'રામરાજ્ય'નું પારાયણ કરાવ્યું. સમાધિના થોડા દિવસ અગાઉ

શ્રીમતી પ્રધાન નામનાં શ્રદ્ધાળુને સ્વપ્ન આવ્યું, તેઓ ચિત્કારી ઊઠ્યાં : 'બાબા મરી ગયા !' તેમના સપનામાં આવીને બાબાએ ભૂલ સુધારી, સમજાવ્યું : 'સંત મરે નહીં. એમને માટે 'સમાધિ પ્રાપ્ત કરી' એવું કહેવું જોઈએ.'

બાબાના અવસાનની શક્યતા નિહાળી ભયભીત થઈ ગયેલી બીજી એક મહિલાને જણાવ્યું 'મા, હું મરતો નથી. તમે જ્યાં જશો ત્યાં યાદ કરતાંકની સાથે હાજર થઈ જઈશ. હું શરીરમાં હોઉં કે ન હોઉં-એથી કશો ફરક નહીં પડે.'

વિજયાદશમીએ બાબાએ કહ્યું, 'મને સારું નથી. મને બુટીના દેગડીવાડામાં લઇ જાઓ.' એમના આખરી શબ્દો હતા 'હું જઉં છું. મને વાડામાં લઇ લો. બધા બ્રાહ્મણો મારી નજીક આવશે.' અને એક કુષ્ટપીડિત ભક્ત બાગોજી શિંદેના ખભા પર તેઓશ્રી ઢળી પડ્યા.

એ જ દિવસે શ્રી સાંઇબાબા પંઢરપુરમાં દાસ ગણુ મહારાજના સપનામાં આવ્યા અને કહેવા લાગ્યા; 'મસ્જિદ પડી ગઇ છે. ઘાંચીઓ અને વાણિયાઓએ મને ખૂબ પજવ્યો છે. તેથી હું જગ્યા છોડી રહ્યો છું. તમને એની જાણ કરવા માટે અહીં આવ્યો છું. આવીને મને બાવળનાં ફૂલોથી ઢાંકી દો.'

આમ, બાબાની અંતિમ ઇચ્છા મુજબ એમને મસ્જિદથી સરઘસ કાઢી બુટીના વાડામાં લઇ જવામાં આવ્યા.

'બાબાની દફનવિધિ' મંદિર માટે અનામત રખાયેલ એ જમીનમાં થાય ને 'બાબાની સમાધિની દેખરેખ' હિંદુઓને સોંપાય એ મુદ્દે હિંદુ-મુસ્લિમ સહમત થઇ ગયા.

શ્રી સાંઇબાબાએ આમ તમામ પંથોનો પુરસ્કાર કર્યો છે પણ



કર્મકાંડ-પાંડિત્યને બદલે મનુષ્યમાં અંતર્નિહિત પરમાત્મા સાથે સૂર મિલાવીને જીવવા પર વિશેષ ભાર મૂક્યો છે.

એ પોતાનાં 'બાળકો'ને અંદરથી ઘાટ આપવા માટે શબ્દોદ્દે જ નહીં બલકે દૃષ્ટિ, સ્પર્શ, તેજોવલય ને ઇચ્છાશક્તિને પણ કામે લગાડતા.

આમ, ભક્તો માટે બાબા મૃત્યુથી પર છે, દેહાતીત છે.

---

સંત તુકડોજીને કોઇએ પૂછ્યું : 'મહારાજ, કોઈ છેલ્લી ઈચ્છા ખરી ?' મહારાજ કહે : 'હા, અમારું એક સંતાન છે. નામ વિમલ. ખબર નથી કે યુરોપમાં ક્યાં હશે? એમણે શોધખોળ કરીને હું નોર્વેમાં છું એની ભાળ મેળવી. મને બોલાવી. બોમ્બે હોસ્પિટલમાંથી એમને મોજેરી આશ્રમમાં લઇ ગયા હતા. હું ત્યાં પહોંચી ગઇ. કેન્સરે શરીર જીર્ણ કરી નાંખ્યું હતું. હું જેવી ગઇ અને પ્રણામ કર્યા તો મને કહેવા લાગ્યા : 'વિમલ, મેં એટલા માટે તમને બોલાવ્યા કે તમે જીવવું શું છે એ તો જોયું હતું. હવે મરવાનું કેવી રીતે થાય છે એ પણ જોઇ લો. મૃત્યુ આવીને મારે એ મૃત્યુ નથી. મરવું એ પણ એક કર્મ છે. મરવું એ જીવવાનું અંતિમ કર્મ છે. તારું શીખવાનું અર્ધું રહી જાત. જીવવાનું જાણત અને મરવાનું ના શીખત.' એ સમયે એક ભજન બનાવ્યું :

**'તું હૈ શહેનશાહ દુનિયાકા, તુજ બિન કૌન સુનેગા મેરી ?**
**તુકડ્યાદાસ દાસ રહ જાયે, અંત મિલે યહ મેરી ફકીરી !'**

**–વિમલા ઠકાર**

# ભગવાન ગૌતમ બુદ્ધનું મહાપરિનિર્વાણ

એક દિવસ ભગવાન બુદ્ધે આનંદને બોલાવીને કહ્યું : ‘આનંદ, હવે રાત્રિના ત્રીજા પ્રહરમાં કુસીનારાના ઉપવનમાં આ જ શાલવૃક્ષોની મધ્યે તથાગતનું પરિનિર્વાણ થશે.’

આ સાંભળતાં જ આનંદે કહ્યું : ‘ભગવાન આપ બહુ જનહિત માટે, લોકો પર અનુકંપા કરવા તથા દેવતાઓ અને મનુષ્યોના કલ્યાણ માટે કલ્પ સુધી રહેવાની કૃપા કરો.’

તથાગતે કહ્યું, ‘આનંદ, હવે રહેવા દે. હવે તથાગતને અનુનય-વિનય ન કર. આવી પ્રાર્થના કરવાનો સમય વીતી ગયો.’ ‘આનંદ, હું વૃદ્ધ થઈ ગયો છું. હવે મારો અંત સમીપ છે. મારા દિવસ પૂરા થઈ ગયા છે. હું ૮૦ વર્ષનો થઈ ગયો છું. જેવી રીતે જીર્ણ-જર્જરિત યંત્ર એક ને એક દિવસ ટૂટી જાય છે એવી ગતિ તથાગતના શરીરની પણ થઈ છે.’ આ સાંભળતાં આનંદ ત્યાં રોકાઈ ન શક્યો.

આનંદ ન દેખાતાં ભગવાન બુદ્ધે ભિક્ષુઓને પૂછ્યું; ‘આનંદ કયાં છે ?’ તો તેમણે કહ્યું; ‘આનંદ ઊભો ઊભો રડે છે.’ ત્યારે તથાગતે એક ભિક્ષુને આનંદને લઈ આવવા અનુરોધ કર્યો.

આનંદ આવતાં તથાગતે તેને કહ્યું; ‘આનંદ રડ નહીં. શું મેં તને અગાઉ અનેકવાર નથી કહ્યું કે, આ પદાર્થોનો સ્વભાવ જ છે કે, આપણે આપણા બધા પ્રિયજનોથી જુદા પડવું જ પડે છે, વિદાય લેવી જ પડે છે, એની સાથેનો સંબંધ તોડવો જ પડે છે.’

આનંદ, આટલા લાંબા સમય સુધી તું તારા મૈત્રીપૂર્ણ



આચરણ, કરુણાપૂર્ણ અને ઉત્તમ વ્યહારથી મારી બહુ નિકટ રહ્યો છે.

આનંદ, તેં બહુ સારું કામ કર્યું છે. આનંદ, અપ્રમાદી રહે. તું પણ વિષયાસક્તિ, અહંકાર, મોહ અને અવિદ્યા જેવા ગંભીર વિકારોથી મુક્ત થઈ જઈશ. પછી ઊમેર્યું કે, ‘આનંદ, ધ્યાન રહે કે, કોઈ વિષાક્ત પદાર્થ ખાવાના પરિણામરૂપે તથાગતનું નિર્વાણ થઈ ગયું એવી શંકા લોકોમાં ન ફેલાય.’ અને વૈશાખ પૂર્ણિમાની મધ્યરાત્રિએ તથાગત મહાપરિનિર્વાણ દશા પામ્યા. ઈ.સ. પૂ. ૪૮૩માં બનેલી આ ઘટના અંગે કહેવામાં આવ્યું :

‘સૂર્ય કેવળ દિવસે જ ચમકે છે અને ચંદ્રમાં કેવળ રાત્રે ! ક્ષત્રિય જેટલો સમય કવચબદ્ધ રહે છે ત્યારે જ તપે છે. ભિક્ષુ ત્યારે તપે છે જ્યારે ધ્યાનરત રહે છે. કિન્તુ બુદ્ધ પોતાના તેજથી દિવસ-રાત, હર સમય તપ્યા કરે છે, પ્રકાશિત હોય છે.’

શ્રી ગૌતમ બુદ્ધ ભુવનપ્રદીપ હતા, સમસ્ત સમષ્ટિના પ્રકાશસ્તંભ હતા, એ નિઃસંદેહ છે.

---

‘તમને મૃત્યુનો ભય છે ? જેને જોયું નથી, જાણ્યું નથી તેનો ભય કેવી રીતે હોઈ શકે ? મનને એનાથી મુક્ત કરી દઈએ તો ભય ટળી જાય. તમારે એક કલાક જ જીવવાનું હોય તો તેની પળેપળ તમે પૂર્ણતાથી જીવશો. એવું જ સમજીને જીવનની પળેપળ જીવો તો તમને મૃત્યુનો કોઈ જ ભય લાગશે નહીં. ચાલો, આવી રીતે મરવાનું શીખીને આપણે છેલ્લા શ્વાસ લગી પૂર્ણતાથી જીવીએ.’

**—શ્રી જે. કૃષ્ણમૂર્તિ**

# શરીરનો ભાર શા કામનો ?

પ્રાચીન કાળમાં બ્રહ્માજીને એકવાર એવો અહંકાર થઈ ગયો કે પોતે ચિરંજીવી છે. એ વિષ્ણુ પાસે ગયા અને બોલ્યા કે, 'હું સૌથી વયોવૃદ્ધ ચિરંજીવ છું.' વિષ્ણુ કહે : 'ના, એમ નથી. એવા લોકો પણ થયા છે જે આનાથી પણ લાંબું જીવ્યા છે. અને વિષ્ણુ એવા લોકોને દેખાડવા બ્રહ્માને પોતાની સાથે લઈ ગયા.'

એક સ્થળે એમને મહામુનિ રોમેશ મળ્યા. વિષ્ણુએ એમને એમની આયુ પૂછી અને પૂછ્યું કે, 'તમે હજી કેટલું જીવવાની આશા રાખો છો ?' રોમેશ મુનિએ કહ્યું; 'આ યુગ કેટલાય સહસ્ર વર્ષોનો છે આ બધા વર્ષો જોડી દેવામાં આવે તો બ્રહ્માનો એક દિવસ અને એક રાત થાય. આ ગણત્રી પ્રમાણે બ્રહ્માનું આયુષ્ય સો વર્ષનું હોય છે. જ્યારે આવા એક બ્રહ્માનું મૃત્યુ થાય ત્યારે મારા શરીરનો એક રોમ (રૂંવાડું) ખરી જાય. અત્યાર સુધી થયેલાં મરણ જેટલાં મારા શરીરના રોમ ખરી ગયાં છે, પણ હજી ઘણાં બાકી છે. જ્યારે મારા શરીરના બધા જ રોમ ખરી જશે ત્યારે મારું જીવન સમાપ્ત થઈ જશે.'

આથી આશ્ચર્યચકિત થઈ બ્રહ્મા અને વિષ્ણુ અષ્ટાવક્ર મુનિ પાસે ગયા. જ્યારે એમણે અષ્ટાવક્રને રોમેશમુનિની ગણનાની વાત કરી ત્યારે એ બોલ્યા કે, 'જ્યારે રોમેશમુનિ જેવું કોઈ મૃત્યુ પામશે ત્યારે મારા શરીરની એક વક્રતા સીધી થશે. અને જ્યારે બધી જ વક્રતાઓ સમાપ્ત થઈ જશે ત્યારે મારું મૃત્યુ થશે.'

આ સાંભળીને બ્રહ્માજી હતોત્સાહિત થઈ ગયા. આવી અનેક કથાઓ છે. જો સાચો બોધ પ્રાપ્ત કરી લેવામાં આવે તો આ શરીર કોને જોઈએ ? એક પ્રબુદ્ધ આત્મા જે આત્માનુભૂતિને કારણે અસીમ આનંદમાં ડૂબેલો રહે છે એને માટે આ શરીરનો ભાર શા કામનો ?



મૃત્યુની ક્ષણ સુધી ચિર સાવધાનતા-અવધાનનું તપ કરનાર હતા મહાત્મા ગાંધી.

પાર્થિવ દેહમાં રહેનારનું પતન અંતિમ ક્ષણ સુધી થઈ શકે, મનુષ્યે સાવધાન રહેવું પડે.

ગાંધીજી કહેતા હતા કે, 'સામી છાતીએ ગોળી ખાઈને મરું અને મરતી વખતે મારા મુખેથી રામનામ નીકળે તો માનજો કે મેં સત્ય અને અહિંસાની સાધના કરી છે. નહીં તો નહીં.' સામી છાતીએ ગોળી ખાધી અને મરતી વખતે મુખમાંથી 'હે રામ !' જ નીકળ્યું.

મૃત્યુની ક્ષણે જે પરીક્ષા થાય એમાં સાચો ઊતરું તો કહેજો કે એ સત્ય-અહિંસા જીવી ગયો નહીં તો કહેજો કે એ પાખંડી હતો. એમની સાવધાનતા ગજબની હતી.

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ—૩૬૦૦૦૨**

## ✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**

## કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

## સંદીપ વેલ્ડીંગ વર્કસ

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭





Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

### Form–IV (See Rule–8)

| | | |
|---|---|---|
| 1. | Place of Publication : | 6, Vrundavan Flats, Nr. Aatabhai Haveli, Bhavnagar–1 364001 |
| 2. | Periodicity of its : publication | Monthly. |
| 3. | Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. 6, Vrundavan Flats, Nr. Aatabhai Haveli, Bhavnagar. |
| 4. | Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. | Editor's name, Nationality and address : | Same as above. |
| 6. | Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | Magazine is owned by Sarva Mangal Charitabel Trust, Add. : 'Swargarohan' Danta Road, Ambaji, Dist. Banaskantha-385110 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17th, March 2018

Narayan H. Jani
Publisher & Editor